**લોન સુવિધા સમજૂતી**

(CGHFL/HL/2025-26/સંસ્કરણ-7 એપ્રિલ’25)

આ બંને પક્ષકારોની વચ્ચે

________________

(ઋણધારક)

અને

કેપ્રી ગ્લોબલ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

(ધીરાણકર્તા)

આ લોન સુવિધા સમજૂતીનો **અર્થ આ લોન સુવિધા/ લોન સમજૂતી થશે અને તેમાં સમયાંતરે સુધારવામાં આવી શકે તેવા અહીં જોડેલાં પત્રકો અને અનુસૂચિઓનો સમાવેશ થશે (હવે પછી જેનો ઉલ્લેખ "સમજૂતી" તરીકે કરવામાં આવ્યો છે) જેને** પત્રકોમાં **દર્શાવેલી તારીખ અને સ્થળે પત્રકમાં ઋણધારક અને/અથવા સહ-ઋણધારક તરીકે ઓળખાતી વ્યક્તિ(ઓ) દ્વારા અને વચ્ચે કરારબદ્ધમાં આવ્યાં છે, જેને તેમાં વધુ ચોક્કસ રીતે નિર્દિષ્ટ કરેલા તેના/ તેમના/ તેણીના/ તેમના નોંધાયેલા કાર્યાલય/ કાર્યાલય/ રહેઠાણ પર કરારબદ્ધ કરવામાં આવ્યાં છે, જેમનો લોન સુવિધા ખાતર હવે પછી ઉલ્લેખ "ઋણધારક" તરીકે કરવામાં આવ્યો છે (જેની અભિવ્યક્તિમાં, જ્યાં સુધી તેના સંદર્ભ અથવા અર્થથી વિપરિત ન હોય ત્યાં સુધી તેમના વારસદારો અને મુખત્યારોનો અર્થ અને સમાવેશ થતો હોવાનું ગણવામાં આવશે), ભલે તે સંદર્ભ મુજબ વ્યક્તિગત હોય અથવા સામૂહિક હોય; જે** પ્રથમ પક્ષકાર ગણાશે

અને

કેપ્રી ગ્લોબલ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ, (CIN **નં.** U65990MH2006 PLC161153) **કંપની અધિનિયમ,** 1956 **અંતર્ગત સમાવિષ્ટ કરાયેલી કંપની, જે તેનું નોંધાયેલું કાર્યાલય** 502, **ટાવર** A, **પેનિન્સુલા બિઝનેસ પાર્ક, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઇ** 400 013 **ખાતે ધરાવે છે, જે તેના શાખા કાર્યાલય મારફતે કામગીરી કરી રહી છે (હવે પછી જેનો ઉલ્લેખ** "ધીરાણકર્તા/ **CGHFL** " **તરીકે કરવામાં આવ્યો છે, જેની અભિવ્યક્તિમાં જ્યાં સુધી સંદર્ભ અને અર્થથી વિપરિત ન હોય ત્યાં સુધી તેમના વારસદારો અને મુખત્યારોનો અર્થ અને સમાવેશ થતો હોવાનું ગણવામાં આવશે, જે** બીજા પક્ષકાર છે.

ઋણધારક અને ધીરાણકર્તાનો હવે પછી ઉલ્લેખ સંયુક્ત રીતે "**પક્ષકારો**" અને વ્યક્તિગત રીતે "**પક્ષકાર**" તરીકે કરવામાં આવ્યો છે.

જ્યાં:-

a. ઋણધારક, ઋણધારકને ઇશ્યુ કરેલા મંજૂરી પત્ર (નીચે વ્યાખ્યાયિત કર્યા મુજબ) અંતર્ગત મંજૂર કરેલી રકમની લોન સુવિધા મેળવવાની ઇચ્છા ધરાવે છે.

b. ઋણધારકે પોતાને લોન સુવિધા (હવે પછી વ્યાખ્યાયિત કર્યા મુજબ) ફાળવવા માટે ધીરાણકર્તાને વિનંતી કરી છે અને અહીં ઋણધારક દ્વારા કરવામાં આવેલી રજૂઆતો, બાંહેધરીઓ અને કરારો ઉપર આધાર રાખીને, ધીરાણકર્તા ઋણધારકને આ સમજૂતી અને અન્ય લોન સુવિધા દસ્તાવેજો (હવે પછી વ્યાખ્યાયિત કર્યા મુજબ)ના નિયમો અને શરતો મુજબ અને તેને આધીન રહીને ઋણધારકને લોન સુવિધા ફાળવવા માટે સંમત થાય છે.

હવે આ સમજૂતી પુરાવારૂપ છે અને અત્રેના પક્ષકારો દ્વારા અને તેમની વચ્ચે નીચે મુજબ સંમતી આપવામાં આવે છેઃ-

**1. વ્યાખ્યાઓ**

a. **"વધારાની જામીનો"** એટલે તેવી વધારાની જામીનો જેને સંબંધિત જામીન દસ્તાવોજો અંતર્ગત ઊભી કરવામાં આવેલી જામીન (હવે પછી વ્યાખ્યાયિત કર્યા મુજબ) ઉપરાંત જામીન પૂરી પાડનાર દ્વારા પૂરા પાડવામાં આવી શકે છે.

b. **"ઉપલબ્ધતા સમયગાળો"** એટલે તે સમયગાળો જે દરમિયાન લોન સુવિધા વિતરણ થવા માટે ઉપલબ્ધ બનશે.

c. **"બેન્ચમાર્ક દર"** એટલે ભારતીય રિઝર્વ બેન્ક (ધીરાણો ઉપર વ્યાજ દર) નિર્દેશો, 2016 અનુસાર સહ-ધીરાણકર્તાની લોન/ધીરાણોને લાગુ પડતાં બાહ્ય બેન્ચમાર્ક સંલગ્ન ધીરાણ દર (EBLR) અથવા ફંડના માર્જિનલ કોસ્ટ આધારિત ધીરાણ દર (MCLR) સહિત પરંતુ તેટલા પૂરતા મર્યાદિત નહીં તેવા લોન ઉપર વ્યાજ દરો નિર્ધારિત કરવા માટે ઉપયોગ કરવામાં આવતો સંદર્ભ દર કહેવાશે.

d. **"શાખા કાર્યાલય"** ધીરાણકર્તાના સંદર્ભમાં ધીરાણકર્તાનું શાખા કાર્યાલય ગણાશે, જ્યાંથી લોન સુવિધા મંજૂર કરવામાં અને/અથવા તેનું વિતરણ કરવામાં આવે છે.

e. **"બિલિંગ તારીખ અથવા EMI તારીખ"** EMIના હેતુઓ માટે ઋણધારક(કો)ની સુગમતા અનુસાર પુનઃચુકવણી સમયગાળા દરમિયાન હપ્તાની ચુકવણી માટે આ સમજૂતીનો અમલ કરતી વખતે ઋણધારક દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવી તારીખ ગણાશે, જેને અહીં નીચે કરારબદ્ધ કરવામાં આવેલા પત્રકમાં વધુ ચોક્કસપણે નિર્ધારિત કરવામાં આવી છે.

f. **"સહ-ધિરાણ વ્યવસ્થા"** એટલે ધીરાણકર્તા અને સહ-ધીરાણકર્તા વચ્ચે સંમત થયેલા નિયમો અને શરતોએ ઋણધારકોની તરફેણમાં ધીરાણકર્તા દ્વારા વધારવામાં આવેલી સહ-ધિરાણ લોન સુવિધાઓ માટે ધીરાણકર્તા અને સહ-ધીરાણકર્તા વચ્ચેની વ્યવસ્થા ગણાશે, જેમાં ઋણધારકોના લોન સુવિધા દસ્તાવેજોમાં સમાવિષ્ટ થતાં હોય તેવા અને ધીરાણકર્તા અને સહ-ધીરાણકર્તા દ્વારા નક્કી કરવામાં આવે તે રીતે તેના સંબંધમાં અન્ય અધિકારો, લાભો, સત્તાઓ, જોખમ અને બાંહેધરી તથા ક્ષતિપૂર્તીની સાથે પ્રાપ્ત થવાપાત્ર રકમો, તે હેઠળની જામીનોમાં ધીરાણકર્તાના અધિકારો, માલિકી, હિત અને જોખમની પ્રમાણસર સોંપણી/હસ્તાંતરનો સમાવેશ થઇ શકે છે.

g. **"સહ-ધીરાણકર્તા"** એટલે પાત્રતા ધરાવતી શેડ્યુઅલ્ડ કોમર્શિયલ બેન્ક જેની સાથે ધીરાણકર્તા સહ-ધિરાણ વ્યવસ્થા હાથ ધરશે અને સોંપણી કરારનો અમલ કરશે.

h. **"કિંમત અને ખર્ચાઓ"** એટલે લોન સુવિધા સાથે સંકળાયેલા ધીરાણકર્તા દ્વારા ઉઠાવવામાં આવેલી અથવા તેને થયેલી તમામ અને કોઇપણ કિંમત અને ખર્ચાઓ અને/અથવા જવાબદારીઓ તથા તમામ કાનૂની અને ન્યાયિક ફી અને પ્રાસંગિક ખર્ચાઓ ગણાશે.

i. **"CGHFL - સંદર્ભ દર (CGHFL -RR)"** એટલે ધીરાણકર્તા દ્વારા પ્રતિ વર્ષ નિર્ધારિત કરવામાં આવતો અને જે તે કિસ્સા અનુસાર તેની વેબસાઇટ ઉપર અથવા અન્ય રીતે CGHFL-RR તરીકે ધીરાણકર્તા દ્વારા જાહેર કરાયેલા/સૂચિત કરાયેલો ટકાવારી દર ગણાશે. (સ્પષ્ટતા માટે CGHFL-RR માં એકમાત્ર ધીરાણકર્તાની વિવેકબુદ્ધિ પર સમયાંતરે અને ભારતની અંતર ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર માટે ભારતીય પેમેન્ટ કોર્પોરેશન માસિક પણ વધઘટ થઇ શકે છે.)

j. **"વિતરણ"** એટલે ઋણધારક દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલા વિતરણ વિનંતી ફોર્મ અને તે સંબંધમાં અત્રે નિર્ધારિત કરાયેલા નિયમો અને શરતો અનુસાર, લોન સુવિધા રકમ સુધી આંશિક અથવા સંપૂર્ણપણે લોન સુવિધાનું વિતરણ ગણાશે.

k. **"વિતરણની તારીખ"** એટલે આ સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં આવે તેને આધીન ધીરાણકર્તા દ્વારા વિતરણ કરવામાં આવે તેવી લોનની રકમ અથવા તેનો કોઇ ભાગ, ઋણધારકની વિનંતીના અનુસંધાને ઉપલબ્ધતા સમયગાળા દરમિયાન કોઇપણ દિવસ ગણાશે.

l. **"ચુકવણીની અંતિમ તારીખ"** એટલે અંગ્રેજી કેલેન્ડર મહિના(ઓ)નો અંતિમ દિવસ ગણાશે, જે દિવસે ધીરાણકર્તા લોન સુવિધા દસ્તાવેજોમાં નિર્ધારિત કર્યા મુજબ મૂડી રકમ, વ્યાજ અને/અથવા કોઇ અન્ય લાગુ પડતી બાકી રકમ/પૈસા સહિત પરંતુ તેટલા પૂરતી મર્યાદિત નહીં તેવી

લોન સુવિધાના સંદર્ભમાં કોઇ રકમો મેળવવા માટે અધિકાર ધરાવતો હોય છે.

m. **"ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ સિસ્ટમ/ સેવા (ECS)"** એટલે RBI દ્વારા સૂચિત કરાયેલી ડેબિટ ક્લિયરિંગ સેવા, જેમાં ભાગ લેવા માટે EMIની ચુકવણીની લોન સુવિધા મેળવવા માટે ઋણધારક દ્વારા અહીં લેખિત સંમતિ આપવામાં આવી છે, અને તેમાં ફંડનું ઇલેક્ટ્રોનિક રીતે ટ્રાન્સફરનો સમાવેશ થતો હોવાનું ગણાશે.

n. **"એકસમાન માસિક હપ્તાઓ (EMI)"** એટલે આ સમજૂતીના નિયમો મુજબ બાકી રકમની પુનઃચુકવણી માટે, અહીં કરારબદ્ધ કરવામાં આવેલા પત્રકમાં નિર્ધારિત કરવામાં આવે તેવા સમયના અંતરે ઋણધારક દ્વારા કરવામાં આવેલી સમયાંતર ચુકવણીની રકમ ગણાશે.

o. **"નાદારીનો પ્રસંગ"** એટલે નીચે ખંડ-7 અંતર્ગત નિર્ધારિત કરાયેલા નિયમો ગણાશે.

p. **"લોન સુવિધા/લોન"** એટલે ધીરાણકર્તા દ્વારા મંજૂર કરવામાં આવેલી "લોન સુવિધા રકમ" મુજબ અત્રે નિર્દિષ્ટ કરાયેલા પત્રકમાં જણાવવામાં આવેલી રકમ માટે ઋણધારક દ્વારા મેળવવામાં આવેલી લોન સુવિધા ગણાશે.

q. **"લોન સુવિધા દસ્તાવેજો"** એટલે આ સમજૂતી અને અત્રે પ્રાસંગિક હોય અને/અથવા આનુષાંગિક હોય અને/અથવા અત્રે નિર્ધારિત કરવામાં આવ્યાં હોય તેવા મંજૂરી પત્ર, જામીન દસ્તાવેજો અને તેવા અન્ય દસ્તાવેજોનો સમાવેશ થશે, જેને ઋણધારકે ધીરાણકર્તાને પૂરા પાડ્યાં છે અને/અથવા ઋણધારક દ્વારા અમલી કરવામાં આવ્યાં છે.

r. **"ફી અને ચાર્જિસ"** એટલે મર્યાદા વગર પ્રોસેસિંગ ફી, વહીવટી ફી, સર્વિસ ચાર્જિસ, પ્રી-પેમેન્ટ ચાર્જિસ, PDC/ECS/NACH અનાદર ચાર્જિસ, લેખના પરત થવાના ચાર્જિસ, ચેક અદલા-બદલી ચાર્જિસ, લોન પુનઃનિર્ધારણ ચાર્જિસ, લોન સ્ટેટમેન્ટ ચાર્જિસ, લોન કેન્સલેશન અને રિબૂકિંગ ચાર્જિસ, બિન-ઉપયોગિતા ચાર્જિસ, સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન અને અન્ય વૈધાનિક ચાર્જિસ, NOC ઇશ્યુ  કરવાના ચાર્જિસ, કાનૂની પ્રાપ્તિ, પુનઃકબજો અને પ્રાસંગિક ચાર્જિસ, વેલ્યુએશન ચાર્જિસ, પુનઃચુકવણી આવૃત્તિમાં ફેરફાર અંગેના ચાર્જિસ અને અત્રેના ધીરાણકર્તાને ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર તમામ અન્ય ફી અને ચાર્જિસનો સમાવેશ થશે.

s. **"જામીન"** એટલે તેવી વ્યક્તિ જે બાકી નિકળતી રકમને સુરક્ષિત બનાવવા માટે અને આ સમજૂતીના નિયમો અને શરતોનો યોગ અમલ થાય તે માટે બાંહેધરી પૂરી પાડી રહી છે.

t. **"વ્યાજ દર"** એટલે અને તેમાં ફિક્સ, ફ્લોટિંગ અને સેમી-ફિક્સ વ્યાજ દરનો સમાવેશ થાય છે, જેને વધુ ચોક્કસપણે નીચે આપેલા પત્રકમાં પૂરા પાડવામાં આવ્યાં છે.

u. **"નેશનલ ઑટોમેટેડ ક્લિયરિંગ હાઉસ (NACH)"** એટલે ભારતમાં ઇલેક્ટ્રોનિક ફંડ હસ્તાંતર માટે ભારતીય રાષ્ટ્રીય પેમેન્ટ નિગમ (NPCI) દ્વારા રજૂ કરવામાં આવેલા ઑટોમેટેડ ક્લિયરિંગ હાઉસ સિસ્ટમ ગણાશે.

v. **"બાકી નિકળતાં લેણાં"** એટલે કોઇપણ સમયે ઉપાર્જિત થયેલા વ્યાજ, કસૂર કરેલું વ્યાજ (જો હોય તો), કિંમતો અને ખર્ચાઓ, ફી અને ચાર્જિસ અને તમામ અન્ય ચુકવણીઓ અને લોન સુવિધા દસ્તાવેજો અને કોઇ અન્ય લોન દસ્તાવેજો/ CGHFL સાથે કોઇ ગોઠવણોના નિયમો અનુસાર ધીરાણકર્તાને ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર તમામ અન્ય ચુકવણીઓ અને ફી સહિત, ઋણધારક દ્વારા ચુકવવાની રહેતી જે-તે સમયની બાકી નિકળતી લોન સુવિધા રકમ, ચુકવવાની બાકી રકમ ગણાશે.

w. **"આંશિક ચુકવણી"** એટલે નીચે આપેલા પત્રક (પ્રી-પેમેન્ટ)માં વધુ ચોક્કસપણે પૂરી પાડેલી વિગતો અનુસાર જે-તે તારીખ પહેલા ઋણધારક દ્વારા તેના ભાગરૂપે બાકી બેલેન્સની પુનઃચુકવણી ગણાશે.

x. **"દંડનીય ચાર્જિસ"** એટલે અહીં આપેલા પત્રકમાં વધુ ચોક્કસપણે ઉલ્લેખ કરેલી લોન સુવિધા સમજૂતી અંતર્ગત ચુકવણીની અંતિમ તારીખે EMI અને અન્ય બાકી નિકળતી રકમોની ચુકવણી ન કરવા સહિત પરંતુ તેટલા પૂરતા મર્યાદિત નહીં તેવી આ સમજૂતીનો ભાગ બનતા નિયમો અને શરતોનું પાલન ન કરવા બદલ ઋણધારકને લાગુ પડતાં દંડનું પ્રમાણ ગણાશે.

y. **"વ્યક્તિગત લોન"** એટલે સમયાંતરે સુધારવામાં આવ્યાં હોય તેવા "XBRL રિટર્ન્સ - બેન્કિંગ આંકડાઓની સુસંગતતા" અંગે 04 જાન્યુઆરી, 2018ના રોજના RBIના પરિપત્ર નં.BP.BC.99/08.13.100/2017-18 અંતર્ગત વ્યાખ્યાયિત કર્યા મુજબ વ્યક્તિઓને આપવામાં આવેલી લોન અને ગ્રાહક ધીરાણ, શૈક્ષણિક લોન, સ્થાવર અસ્કયામતો (એટલે કે ઘર વગેરે)ના નિર્માણ/ સુધારા માટે આપવામાં આવેલી લોન અને નાણાકીય અસ્કયામતોમાં રોકાણ કરવા માટે આપવામાં આવેલી લોન (શેર, ડિબેન્ચર વગેરે)નો સમાવેશ થશે.

z. **"પોસ્ટ-ડેટેડ ચેક (PDC)"** એટલે વ્યાજ સહિત લોન સુવિધાની પુનઃચુકવણી માટે EMIની ચુકવણી માટે ધીરાણકર્તાની તરફેણમાં ઋણધારક દ્વારા લખવામાં આવેલો ચેક.

aa. **"પૂર્વ-સમાન માસિક હપ્તાનું વ્યાજ (Pre-EMI)"** એટલે લોન સુવિધા જે તારીખથી અમલમાં આવે/વિતરણની સંબંધિત તારીખોથી EMIના શરૂ થવાની તારીખના તાત્કાલિક પહેલા (સમયાંતરે અલગ-અલગ હોઇ શકે છે) Pre-EMIના ખંડમાં દર્શાવ્યાં મુજબના દરે વ્યાજ.

bb. **"પ્રી-પેમેન્ટ"** એટલે નીચે પત્રક (પ્રી-પેમેન્ટ)માં વધુ ચોક્કસપણે પૂરી પાડેલી વિગતો મુજબ ચુકવણીની જે-તે તારીખ પહેલા, ઋણધારક દ્વારા બાકી નિકળતી રકમ અથવા તેના કોઇ ભાગની પુનઃચુકવણી ગણાશે..

cc. **"પ્રોસેસિંગ ફી"** એટલે આ લોન સુવિધા ફાળવવા માટે ધીરાણકર્તા દ્વારા પૂરી પાડવામાં આવેલી સેવાઓના અવેજમાં, આ સમજૂતીના અમલની સાથે ધીરાણકર્તાને ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર નોન-રિફંડેબલ સેવા ફી.

dd. **"હેતુ"** એટલે મંજૂરી પત્ર, અંતિમ-વપરાશ પત્ર/ બાંહેધરી અને/અથવા લોન દસ્તાવેજોમાં નિર્ધારિત કરાયેલા હેતુઓ જેના માટે લોન (અથવા તેનો કોઇ ભાગ)નો ઋણધારક દ્વારા ઉપયોગ કરવામાં આવે છે.

ee. **"પુનઃચુકવણી પત્રક/ઋણમુક્તિ"** એટલે નિર્ધારિત કરાયેલી તારીખો જે તારીખોએ ધીરાણકર્તાને ઋણધારક દ્વારા EMI બાકી અને ચુકવવાપાત્ર બનશે, જેને વધુ ચોક્કસપણે અહીં કરારબદ્ધ કરવામાં આવેલા પત્રકમાં નિર્ધારિત કરાયા છે.

ff. **"RBI"** એટલે અને તેમાં ભારતીય રિઝર્વ બેન્કનો સમાવેશ થશે.

gg. **"RBI દિશાનિર્દેશો"** એટલે તારીખ 5 નવેમ્બર, 2020નું FIDD. CO. Plan. BC. No. 8/04.09.01 / 2020-21 ધરાવતાં પ્રાથમિક ક્ષેત્રને બેન્ક અને NBFC દ્વારા સહ-ધીરાણ અંગે અપાયેલા દિશાનિર્દેશો અને સમયાંતરે પ્રાથમિક ક્ષેત્રને બેન્ક અને NBFC દ્વારા સહ-ધીરાણના સંદર્ભમાં પરિપત્રિત થયેલા આવી કોઇ અધિસૂચનાઓ/દિશાનિર્દેશો/પરિપત્રો ગણાશે.

hh. **"રેપો રેટ"** એટલે તેમાં તે વ્યાજના દરનો સમાવેશ થાય છે જે દરે ભારતમાં વાણિજ્યક બેન્કો RBI પાસેથી નાણા ઉછીના લે છે.

ii. **"મંજૂરી પત્ર"** એટલે લોનની મંજૂરી આપતો ઋણધારકને ધીરાણકર્તા દ્વારા તારીખ [•]ના રોજ ઇશ્યુ કરાયેલો પત્ર અને/અથવા ઋણધારકને સમયાંતરે ધીરાણકર્તા દ્વારા ઇશ્યુ કરવામાં આવે તેવા પત્ર (પત્રો).

jj. **"જામીન"** એટલે (i) અહીં આપેલા પત્રકમાં નિર્ધારિત કરાયેલી કોઇપણ અથવા તમામ મિલકતો, જેની ઉપર જામીન પૂરી પાડનાર દ્વારા જામીનનું

સર્જન કરવામાં આવ્યું છે/સર્જન કરવામાં આવનાર છે, ભલે તે બાકી નિકળતાં લેણાને સુરક્ષિત કરવા માટે, મોર્ગેજ, હાઇપોથિકેશન, તારણ અને/અથવા કોઇ અન્ય રીતે કરવામાં આવી હોય; અને/અથવા (ii) અહીં આપેલા પત્રકમાં નિર્ધારિત કર્યા મુજબ જામીનકર્તા(ઓ) દ્વારા પૂરી પાડવામાં આવેલી જામીનો; અને/અથવા (iii) બાકી નિકળતાં લેણા સુરક્ષિત કરવા માટે ધીરાણકર્તા સમક્ષ ઋણધારક દ્વારા જમા કરાવેલું માર્જિન. "સ્થાયી સૂચનાઓ (SI)" એટલે EMIની રકમ માટે ધીરાણકર્તા દ્વારા સ્વીકાર્ય/ માન્ય કરાયેલી બેન્કમાં જાળવવામાં આવતાં ઋણધારકના એકાઉન્ટમાં રકમ ઉપાડવા માટે ધીરાણકર્તાને ઋણધારક દ્વારા આપવામાં આવેલી લેખિત સૂચનાઓ.

kk. "કરવેરાઓ" એટલે આ સમજૂતી અંતર્ગત અસ્કયામતો, જામીનો, લોન અને કોઇ અન્ય ચાર્જિસ અને લાભોના સંબંધમાં લાગુ પડતાં અથવા કોઇ ભવિષ્યની તારીખે લાગુ પડી શકે તેવા આવકવેરા, માલ અને સેવા કર, કોઇ અન્ય પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ કર સહિત (પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નહીં) તમામ કરવેરા, દરો, સ્ટેમ્પ ડ્યુટી, શુલ્કો, વેરાઓ, સેસ, ડ્યુટી અને કરના અન્ય સ્વરૂપો અને તેમાં ચુકવવાપાત્ર બની શકે અને કપાતપાત્ર હોય અથવા આ સમજૂતી અંતર્ગત કરની ચુકવણી માટે અથવા તેના કારણે જાળવવામાં આવે તેવા તેની સાથે સંબંધિત (બાકી રકમ ઉપર વ્યાજ) વ્યાજ સહિત, સરચાર્જ, પેનલ્ટી અથવા દંડનો સમાવેશ થાય છે.

અત્રે વ્યાખ્યાયિત ન કરવામાં આવેલા નિયમો અને અભિવ્યક્તિઓનું જ્યારે જનરલ ક્લોઝિસ એક્ટ, 1897માં અર્થઘટન કરવામાં આવ્યું હોય અને તેનો અર્થ થતો હોય ત્યારે તે અર્થઘટન અને અર્થ ધરાવશે. ઉપરોક્ત વ્યાખ્યા દાર્શનિક છે અને તે સંપૂર્ણ ગણાશે નહીં.

**2. લોન સુવિધા, વ્યાજ વગરે.**

**2.1 લોનની રકમઃ-**

a. ઋણધારકે કરેલી વિનંતી પર અને અહીં આપેલા નિયમો અને શરતોને આધીન, ધીરાણકર્તા આથી ઋણધારકને લોન સુવિધા પૂરી પાડવા માટે સંમત થાય છે અને ઋણધારક પત્રકમાં સૂચિબદ્ધ કરેલી રકમથી વધુ નહીં તેટલી લોન મેળવવા સંમત થાય છે.
ઋણધારક આથી સંમત થાય છે અને બાંહેધરી આપે છે કે કોઇપણ સંજોગોમાં, ઋણધારક દ્વારા લોનની રકમનો ઉપયોગ અત્રે જાહેર કરવામાં આવેલા હેતુ સિવાય કોઇ અન્ય હેતુ માટે કરવામાં આવશે નહીં.

b. ધીરાણકર્તા લોન અથવા તેના કોઇ ભાગનું વિતરણ, ધીરાણકર્તા એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિને આધીન રહીને, ઋણધારકને અથવા સીધું જ જ્યારે લાગું પડતું હોય ત્યારે ડેવલપર/ બિલ્ડર/ બાંધકામ કંપની/ કોન્ટ્રાક્ટર/ મિલકતના વિક્રેતાને અથવા કોઇ અન્ય વ્યક્તિને કરવામાં આવી શકે છે..

c. જ્યારે ઋણધારક બિન-નિવાસી ભારતીય (**"NRI"**) અથવા ભારતીય મૂળની વ્યક્તિ (**"PIO"**) હોય ત્યારે આ સમજૂતીમાં નિર્ધારિત કરાયેલા નિયમો અને શરતો ઉપરાંત વધારાના નિયમો અને શરતો લાગુ પડી શકે છે, જેને અલગ રીતે અમલમાં મુકવાની જરૂર પડી શકે છે.

d. ધીરાણકર્તા, ધીરાણકર્તા દ્વારા મંજૂર કરવામાં આવેલી લોનની રકમથી વધારાની કોઇ રકમનું વિતરણ કરવા જવાબદાર બનશે નહીં અથવા જવાબદાર બનતા હોવાનું અર્થઘટન કરાશે નહીં. મિલકત અથવા અન્ય ખર્ચાઓ અથવા નાણાઓની ખરીદી પ્રત્યે કોઇ રકમ (લોન રકમથી વધારે)ની ચુકવણી મિલકતની ખરીદી કિંમત અને અન્ય કિંમત અને ખર્ચાઓ સહિત પરંતુ તેટલા પૂરતાં મર્યાદિત નહીં તેમના/ તેના/ તેમના પોતાના ફંડ/ પ્રામાણિક સોતોમાંથી ઋણધારક દ્વારા કરવામાં આવશે અને ઋણધારક દ્વારા મેળવવામાં આવી રહેલી લોન, અન્ય બેન્ક/ નાણાકીય સંસ્થા પાસેથી ઋણધારક દ્વારા મેળવવામાં આવેલી લોનની ફેરબદલીમાં/ તેની અદલા-બદલીમાં હોય ત્યારે વિતરણમાં કોઇ વિલંબ(વિલંબો) અથવા કોઇ તકનિકી અથવા સિસ્ટમ ખામી વગેરેના પરિણામે આવી બેન્ક/નાણાકીય સંસ્થાને ચુકવવાપાત્ર બનતું કોઇ વધારાનું વ્યાજ અથવા કોઇ વધારાની રકમોની આવી ચુકવણી ઋણધારક દ્વારા કરવામાં આવશે.

e. ધીરાણકર્તા સહ-ધીરાણકર્તા સાથે સહ-ધીરાણ વ્યવસ્થાઓમાં પ્રવેશી શકે છે અને ઋણધારક સંમત થાય છે અને સમજે છે કે ઋણધારકની આ લોન સુવિધા આ સમજૂતીમાં દાખલ થયા પછી કોઇપણ સમયે સહ-ધીરાણ વ્યવસ્થા અંતર્ગત આવા સહ-ધીરાણકર્તાને સોંપવામાં આવી શકે છે અને ઋણધારક આવી સોંપણી પ્રત્યે પોતાની સંમતિ દર્શાવે છે. સહ-ધીરાણ સમજૂતી અંતર્ગત ઋણધારકની લોન સુવિધાની સોંપણીના કિસ્સામાં, ઋણધારક ધીરાણકર્તા અને આવા સહ-ધીરાણકર્તા પ્રત્યે તેની તમામ જવાબદારીઓ પરિપૂર્ણ કરવા સહિત તમામ નિયમો અને શરતો બંધનકારક ગણવા માટે સંમત થાય છે, જેની જાણકારી ધીરાણકર્તા દ્વારા અલગથી આપવામાં આવી શકે છે.

**2.2 વ્યાજઃ-**

a. આ લોન સુવિધા અહીં આપેલા પત્રકમાં નિર્ધારિત કરેલા વ્યાજના દરે વ્યાજ ધરાવશે. EMIમાં મૂડી અને લાગુ પડતાં વ્યાજના દરોએ મૂડીની ઘટતી બાકી રકમના ધોરણે ગણવામાં આવેલા અને ત્યારપછીના રૂપિયામાં રાઉન્ડ ઓફ કરવામાં આવેલા વ્યાજનો સમાવેશ થશે. વ્યાજ, પ્રી-EMI અને અન્ય કોઇ ચાર્જિસ આ સમજૂતીના ખંડ 2.3માં નિર્ધારિત કર્યા મુજબ ગણવામાં આવશે. લોન સુવિધાના સંદર્ભમાં EMIનું પુનઃચુકવણી સમયપત્રક અહીં પત્રકમાં પૂરું પાડવામાં આવ્યું છે.

b. ધીરાણકર્તા સમયાંતરે જે-તે કિસ્સા અનુસાર નિયમનકારી/વૈધાનિક સત્તામંડળ દ્વારા વ્યાજના દરોમાં કરાયેલા ફેરફારોના એકમાત્ર કારણોસર સમયાંતરે વ્યાજ દર/EMI તારીખમાં ફેરફાર કરવાનો અને બદલવાનો અધિકાર ધરાવશે. ધીરાણકર્તા લોનના સમયગાળા દરમિયાન બજાર પરિસ્થિતિઓ અને/અથવા લાગુ પડતાં કાયદાઓ અને નિયમનો, જો હોય તો તેની નીતિઓ, અહીં નીચે પૂરા પાડેલી સહ-ધીરાણ વ્યવસ્થા અનુસાર કોઇપણ સમયે અને સમયાંતરે વ્યાજમાં ફેરફાર કરવાનો અધિકાર ધરાવશે, જે માત્ર ભવિષ્યવર્તી અસરથી પ્રભાવી બનશે. EMI તારીખ/ વ્યાજમાં કોઇપણ ફેરફાર SMS/ ઇમેલ/ કુરિયર અથવા કોઇ અન્ય ઇલેક્ટ્રોનિક/ જે-તે સમયે પ્રવર્તમાન ભૌતિક પદ્ધતિ મારફતે ધીરાણકર્તા પાસે ઉપલબ્ધ સંપર્ક વિગતો પર ઋણધારકને અગાઉથી યોગ્ય રીતે જણાવવામાં આવશે.

c. વ્યાજના દરનું નિર્ધારણ અન્ય પરિબળો ઉપરાંત ઋણધારકના જોખમ વિશ્લેષણ અને ધીરાણકર્તા નિયમો, નીતિઓ અને મંજૂરી શરતો અનુસાર, લોન રકમની પુનઃચુકવણી માટે ઉપલબ્ધ કરાયેલી જામીનના આધાર પર છે. જો બાહ્ય અને/અથવા આંતરિક પરિબળોના કારણે, લોનના સાતત્ય દરમિયાન ઋણધારકની જોખમ પ્રોફાઇલમાં કોઇ ફેરફાર થાય છે તે તે કિસ્સામાં ધીરાણકર્તા પૂર્વ લેખિત જાણકારી આપીને ભવિષ્યવર્તી પ્રભાવ સાથે એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિને આધીન વ્યાજના લાગુ પડતા દરોમાં ફેરફાર કરી શકે છે અને તે ઋણધારકને સ્વીકાર્ય બનશે. આ સંબંધમાં ધીરાણકર્તાનો નિર્ણય અંતિમ અને ઋણધારકને બંધનકારક ગણાશે.

d. ઋણધારક સંમત થાય છે અને સમજે છે કે સહ-ધીરાણ વ્યવસ્થા અંતર્ગત આ લોન સમજૂતીની સોંપણીના પ્રસંગે, સહ-ધીરાણ વ્યવસ્થાના અનુસંધાનમાં ધીરાણકર્તા અને સહ-ધીરાણકર્તા દ્વારા નક્કી કરવામાં આવે તેવા તમામ-સમાવિષ્ટ દર લોનને લાગુ પડશે અને અહીં જોડેલા

પત્રકમાં ઉલ્લેખિત કરવામાં આવશે.

e. વધુમાં, સહ-ધીરાણ સમજૂતીના અનુસંધાનમાં આ લોન સમજૂતીના તમામ-સમાવિષ્ટ વ્યાજના દરો લાગુ થવાના પ્રસંગે, ઋણધારક સંમત થાય છે અને સમજે છે કે સહ-ધીરાણ વ્યવસ્થા અંતર્ગત નક્કી કરવામાં આવેલા સહ-ધીરાણ ROI બેન્ચમાર્ક બેન્ચમાર્ક દર અને/અથવા RBI દ્વારા રેપો રેટમાં ફેરફાર અથવા કોઇ અન્ય કારણોસર અથવા સહ-ધીરાણના બેન્ચમાર્ક દર અને/અથવા RBIના દિશાનિર્દેશો/ લાગુ પડતાં કાયદામાં ફેરફારના કારણે અલગ હોઇ શકે જે સમયાંતરે જે-તે કિસ્સા અનુસાર સહ-ધીરાણકર્તાના બેન્ચમાર્ક દર અને/અથવા CGHFL-RRમાં ફેરફારમાં પરિણમે છે. ઋણધારક વધુમાં સંમત થાય છે કે વ્યાજની ગણતરીમાં પણ તે અનુસાર ફેરફાર થશે.

f. આ સમજૂતીના ખંડ 2.3 b અને ખંડ 2.3 cમાં નિર્ધારિત કરેલા CGHFL-RRમાં ફેરફારના કારણે વ્યાજના દરમાં ફેરફાર આપમેળે આ લોનના EMIમાં ફેરફારમાં પરિણમશે. ઋણધારક લોનના EMIમાં આવા ફેરફાર સંબંધિત સ્પષ્ટતા માટે વિનંતી કરી શકે છે. જોકે, આ લોનના EMIમાં આવા ફેરફાર સાથે સંબંધિત જે-તે કિસ્સા અનુસાર ધીરાણકર્તાનું/સહ-ધીરાણકર્તાનો નિર્ણય અંતિમ ગણાશે. અહીં ઉપલબ્ધ કરાવવામાં આવેલી લોન સુવિધા ઉપર લાગુ પડતાં વ્યાજ દરોનું પુનઃનિર્ધારણ કરતી વખતે, ઋણધારક ધીરાણકર્તાની નીતિ અને નિયમો અનુસાર વ્યાજના ફિક્સ દરો ઉપર તબદિલ થવાનો વિકલ્પ ધરાવશે.

g. ઋણધારક વ્યક્તિ હોય અને વ્યક્તિગત લોન મેળવી રહ્યો હોય તેવા પ્રસંગે તે અંતર્ગત ઉપલબ્ધ કરવામાં આવેલી લોન સુવિધા ઉપર લાગુ પડતાં વ્યાજના દરોમાં ફેરફાર વખતે, આવો ઋણધારક ધીરાણકર્તાની નીતિ અને નિયમો અનુસાર વ્યાજના ફિક્સ દરો પર ફેરબદલ કરવાનો વિકલ્પ ધરાવશે.

**2.3 વ્યાજની ગણતરીઃ-**

**a.** વ્યાજના ફિક્સ દર માટે

ઇએમઆઇમાં મુદ્દલ અને વ્યાજ બંનેનો સમાવેશ થાય છે જેની ગણતરી શેડ્યૂલના આધારે કરવામાં આવે છે અને તેને આગામી રૂપિયા (50 પૈસાથી ઓછા પૂર્ણાંકને અવગણવામાં આવશે)માં પૂર્ણાંકિત કરવામાં આવે છે. ઇએમઆઇની રચના કરતી મુદ્દલ અને વ્યાજનો ગુણોત્તર/પ્રમાણ દરેક ઇએમઆઇમાં અલગ-અલગ હોય છે, જો કે ઇએમઆઇ દર મહિને સમાન રહી શકે છે. વ્યાજ અને પ્રી-ઇએમઆઇ સિવાયના અન્ય કોઈપણ શુલ્કની ગણતરી 30 (ત્રીસ) દિવસના મહિનાના આધારે અને 360 (ત્રણસો અને સાઠ દિવસ)ના વર્ષના આધારે કરવામાં આવશે અને પ્રી-ઇએમઆઇની ગણતરી વર્ષમાં દિવસોની વાસ્તવિક સંખ્યાના આધારે કરવામાં આવશે. ધિરાણકર્તા પોતાની વિવેકબુદ્ધિથી વ્યાજની ગણતરીની સામયિકતા નક્કી કરી શકે છે.

પરંતુ જોગવાઇ કરવામાં આવે છે કે ધીરાણકર્તા સમગ્ર લોન રકમના વિતરણ પહેલા વ્યાજ દરમાં ફેરફાર કરે તે પ્રસંગે, આવા વધારા/ઘટાડાની તારીખથી તરત જ વિતરણ કરેલી રકમના જુદા-જુદા ભાગને લાગુ પડતાં જુદા-જુદા વ્યાજ દરોની ભારીત સરેરાશ લોનને લાગુ પડશે.

અહીં વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે ધીરાણકર્તા અને ઋણધારક વચ્ચે સંમતી થઇ હોય તેવા કોઇ વ્યાજના દર હંમેશા માત્ર વિતરણ થયેલી રકમને લાગુ પડે છે.

વધુમાં જોગવાઇ કરવામાં આવે છે કે સમયાંતરે ધીરાણકર્તા એકમાત્ર પોતાની અને સંપૂર્ણ વિવેકબુદ્ધિને આધીન તેની આંતરિક નીતિઓ અનુસાર ઋણધારકને લેખિત જાણકારી આપવાની શરતને આધીન અથવા સહ-ધીરાણ સમજૂતી અથવા નાણા બજાર પરિસ્થિતિમાં કોઇ ફેરફારના કારણે વ્યાજના દરોમાં યોગ્ય રીતે અને ભવિષ્યવર્તી રીતે ફેરફાર કરી શકે છે અને આવા ફેરફારની જાણ કરવામાં આવે તેની સાથે આવા દર પ્રભાવી બનશે. ઋણધારક સંમત થાય છે કે આવી પરિસ્થિતિ અસ્તિત્વ ધરાવે છે કે નહીં તે નક્કી કરવા ધીરાણકર્તા એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિ વાપરશે.

**b.** **વ્યાજના ફ્લોટિંગ દરો માટે**

ઇએમઆઇમાં મુદ્દલ સામેલ છે અને વ્યાજની ગણતરી માસિક ધોરણે CGCL-LTRR પર રહે છે અને તેને આગામી રૂપિયા (50 પૈસાથી ઓછા પૂર્ણાંકને અવગણવામાં આવશે)માં પૂર્ણાંકિત કરવામાં આવે છે અને પ્રી-ઇએમઆઇ સિવાય અન્ય કોઈ શુલ્ક 30 (ત્રીસ) દિવસના મહિના અને 360 (ત્રણસો સાઠ) દિવસના વર્ષના આધારે ગણવામાં આવશે અને પ્રી-ઇએમઆઇની ગણતરી વર્ષના વાસ્તવિક દિવસોની સંખ્યાને આધારે કરવામાં આવશે. વધુમાં જોગવાઇ કરવામાં આવે છે કે ઋણધારકને ધીરાણકર્તા દ્વારા આપેલી લોનની રકમ માટે લાગુ પડતાં તમામ ભવિષ્યના/ હવે પછીના CGHFL-RR ધીરાણકર્તા દ્વારા વ્યાજ દર પુનઃનિર્ધારણ સુધારા આવૃતિ (IRRRC)ના આધારે કરવામાં આવશે જે અંગ્રેજી કેલેન્ડર વર્ષના દર મહિનાનો 1લો (પ્રથમ) દિવસ છે.

ફ્લોટિંગ વ્યાજ દરની તમામ ગણતરી અને હવે પછીનો ફેરફાર અહીં આપેલા પત્રકમાં ઋણધારક દ્વારા પસંદ કરાયેલા અને સંમત થયેલા **"સંદર્ભ દર"** અને ધીરાણકર્તા દ્વારા નિર્ધારિત વિસ્તૃત રકમની એકંદર અને સમયાંતરે લાગુ પડતાં ગણતરી કરાયેલા CGHFL-RR ઉપર આધારિત રહેશે.

જો ધીરાણકર્તા લોનના સંપૂર્ણ વિતરણ પહેલાં ફ્લોટિંગ વ્યાજ દરમાં ફેરફાર કરે છે તો તે પ્રસંગે, આવા વધારા અથવા ઘટાડાની તારીખથી જે મહિનામાં સંદર્ભ દરમાં ફેરફાર કરાયો હોય ત્યારપછીના મહિનાના પ્રથમ દિવસ સુધી જુદા-જુદા ફ્લોટિંગ વ્યાજ દરની ભારીત સરેરાશ લોનને લાગુ પડશે.

પ્રી-EMIના કિસ્સામાં, ઋણધારકને લાગુ પડતાં તમામ ભવિષ્યના/ હવે પછીના ફ્લોટિંગ વ્યાજ દર ધીરાણકર્તા દ્વારા જે મહિનામાં સંદર્ભ દરમાં ફેરફાર કરાયો હોય ત્યારપછીના મહિનાના પ્રથમ દિવસે લાગુ પડવામાં આવશે.

લોન રકમને લાગુ પડતાં ફ્લોટિંગ વ્યાજ દર અંતિમ વિતરણની તારીખે પ્રવર્તમાન સંદર્ભ દરના આધારે રહેશે.

આ સમજૂતીની તારીખે પ્રવર્તમાન અથવા સમયાંતરે ફેરફાર થતાં ફ્લોટિંગ વ્યાજ દર નીચે મુજબ લાગુ પડાશેઃ

i. જો ઋણધારકે જે મહિનામાં સંદર્ભ દરમાં ફેરફાર કરવામાં આવ્યો હોય તેની શરૂઆત પહેલાં EMIની ચુકવણી પહેલેથી શરૂ કરી દીધી હોય ત્યારે ત્યારપછીના મહિનાની શરૂઆત પર લોનની બાકી નિકળતી મૂડી રકમ પર કરાશે, અથવા

ii. ઋણધારકે EMIની ચુકવણી શરૂ કરી ન હોય ત્યારે સંદર્ભ દરના ફેરફાર પહેલાં ઉપાડેલી લોનની કુલ લોન રકમ ઉપર..

ઉપરોક્ત (i) અને (ii)ના પ્રસંગે, નાણાકીય વર્ષ દરમિયાન ઋણધારક દ્વારા કરાયેલી કોઇપણ પ્રી-પેમેન્ટ ધ્યાનમાં લેવાશે.

**c.** **વ્યાજના સેમી-ફિક્સ દર માટે**

વ્યાજના લાગુ પડતા દર અને વ્યાજના ફિક્સ અને ચલિત દર માટે લાગુ

પડતો સમયગાળો પત્રકમાં ઉલ્લેખ કર્યા મુજબ રહેશે.

વ્યાજના સેમી-ફિક્સ દર અને EMIની તમામ ગણતરી અને ત્યારપછીના ફેરફારો અત્રે આપેલા પત્રકમાં ઋણધારક દ્વારા પસંદ કરાયેલા અને સંમત થયેલા CGHFL-RR ઉપર આધારિત રહેશે અને ધીરાણકર્તા દ્વારા નક્કી કરાયેલા સમયના વિસ્તૃત ગાળાની અને સમયાંતરે લાગુ પડતાં CGHFL-RRની સરેરાશ કરીને ગણવામાં આવે છે. વધુમાં જોગવાઇ કરવામાં આવે છે કે ઋણધારકને ધીરાણકર્તા દ્વારા આપવામાં આવેલી લોનની રકમ માટે લાગુ પડતાં તમામ ભવિષ્યના/હવે પછીના CGHFL-RR વ્યાજ દર પુનઃનિર્ધારણ સુધારા આવૃતિ (IRRRC)ના આધારે એટલે કે દરેક વર્ષના દર મહિનાના 1લા દિવસથી શરૂ થતાં અંગ્રેજી કેલેન્ડરના પ્રત્યેક મહિને ધીરાણકર્તા દ્વારા લાગુ કરવામાં આવશે. વ્યાજના લાગુ પડતા દર અને વ્યાજના ફિક્સ અને ચલિત દર માટે લાગુ પડતો સમયગાળો પત્રકમાં ઉલ્લેખ કર્યા મુજબ રહેશે.

વ્યાજના સેમી-ફિક્સ દર અને EMIની તમામ ગણતરી અને ત્યારપછીના ફેરફારો અત્રે આપેલા પત્રકમાં ઋણધારક દ્વારા પસંદ કરાયેલા અને સંમત થયેલા CGHFL-RR ઉપર આધારિત રહેશે અને ધીરાણકર્તા દ્વારા નક્કી કરાયેલા સમયના વિસ્તૃત ગાળાની અને સમયાંતરે લાગુ પડતાં CGHFL-RRની સરેરાશ કરીને ગણવામાં આવે છે. વધુમાં જોગવાઇ કરવામાં આવે છે કે ઋણધારકને ધીરાણકર્તા દ્વારા આપવામાં આવેલી લોનની રકમ માટે લાગુ પડતાં તમામ ભવિષ્યના/હવે પછીના CGHFL-RR વ્યાજ દર પુનઃનિર્ધારણ સુધારા આવૃતિ (IRRRC)ના આધારે એટલે કે દરેક વર્ષના દર મહિનાના 1લા દિવસથી શરૂ થતાં અંગ્રેજી કેલેન્ડરના પ્રત્યેક મહિને ધીરાણકર્તા દ્વારા લાગુ કરવામાં આવશે.

**2.4 વિતરણની વિગતો અને વિતરણ માટેની શરતોઃ-**

a. ધીરાણકર્તા એકમાત્ર પોતાની અને સંપૂર્ણ વિવેકબુદ્ધિને આધીન ઋણધારકની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને એકસામટી અથવા નિર્ધારિત હપ્તાઓમાં લોનનું વિતરણ કરી શકે છે. ઋણધારક લોન સુવિધા અંતર્ગત વિતરણ કરવામાં આવેલી દરેક રકમ ધીરાણકર્તા દ્વારા નક્કી કરવામાં આવેલા ફોર્મમાં તેની પ્રાપ્તિની સ્વીકૃતિ આપશે.

b. આ સમજૂતી અંતર્ગત /અથવા તેના સંદર્ભમાં ઋણધારકને ધીરાણકર્તા દ્વારા કરાયેલી તમામ ચુકવણીઓ અને તમામ આવી રકમના હસ્તાંતરના સંદર્ભમાં ચાર્જિસ, જો હોય તો, તેની ચુકવણી ઋણધારક દ્વારા કરવામાં આવશે અને વિતરણ કરવામાં આવેલી લોન ઉપર વ્યાજ લોનની રકમના વિતરણની તારીખથી ધીરાણકર્તાની તરફેણમાં ઉપાર્જિત થવાનું શરૂ થશે અને ઋણધારક પાસેથી તે અનુસાર વ્યાજ વસૂલવામાં આવશે.

c. જ્યારે ઋણધારકને લોનની રકમનું વિતરણ હપ્તાઓમાં કરવામાં આવ્યું હોય અને સમગ્ર લોનના સંપૂર્ણ વિતરણ સુધી માત્ર વ્યાજ જ ચુકવવાપાત્ર હોય ત્યારે ધીરાણકર્તા એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિ પર પ્રથમ પ્રી-EMIની પ્રારંભની તારીખથી 12 (બાર) મહિના પછી કોઇપણ સમયે વિતરણ કરાયેલી રકમ ઉપર EMI શરૂ કરવાની સ્વતંત્રતા ધરાવશે અને ઋણધારકને તે અંગે કોઇ વાંધો રહેશે નહીં.

d. લોન સુવિધાનું પુનઃઆકલન લોન સુવિધાના સાતત્ય દરમિયાન અથવા જ્યારે મંજૂરીની તારીખથી સંપૂર્ણપણે રકમ ઉપાડવામાં ન આવી હોય ત્યારે કાનૂની, તકનિકી અને નાણાકીય શરતોના આધારે થઇ શકે છે. ઋણધારકને આવા પુનઃઆકલન વખતે વધારાની માહિતી / દસ્તાવેજો પૂરા પાડવાની જરૂર પડી શકે છે. વધુમાં, આવા પુનઃઆકલન વખતે ધીરાણકર્તા એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિ પર લોન સુવિધા અટકાવી શકે, મુલતવી રાખી શકે, ઘટાડી શકે, રદ કરી શકે અને/અથવા પરત માગી શકે છે. અહીં કરેલી જોગવાઇઓને ધ્યાનમાં લીધા વગર, ધીરાણકર્તા તેના દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી મંજૂરી પત્રની તારીખથી લોન સુવિધા આવા સમયગાળાની અંદર સંપૂર્ણપણે ઉપાડવામાં આવી ન હોય ત્યારે ઋણધારકને નોટિસ આપીને લોન સુવિધાનું વધુ વિતરણ મુલતવી અથવા રદ કરી શકે છે.

e. **લોન લેવાનો હેતુઃ-**

i. મિલકતનું અધિગ્રહણ/ ખરીદી છે તોઃ ઋણધારક સ્પષ્ટપણે સમજે છે અને સંમત થાય છે કે ધીરાણકર્તા બિલ્ડર/ ડેવલપર/ વિક્રેતાને ઋણધારકની પોતાની ચુકવણી કર્યા પછી અને ઋણધારક દ્વારા ધીરાણકર્તાને તે અંગે (ધીરાણકર્તાને સંતોષકારક રીતે) પુરાવો પૂરો પાડ્યાં પછી જ મિલકતના અધિગ્રહણ માટે લોન રકમ (ભલે તે આંશિક અથવા સંપૂર્ણ હોય)નું વિતરણ કરશે. વધુમાં, ધીરાણકર્તા લોનનું વિતરણ કરતાં પહેલા આવા પુરાવાની સત્યતા ચકાસવાનો અધિકાર ધરાવશે.

ii. બાંધકામ/ રિપેરિંગ/ સુધારોઃ ઋણધારક સ્પષ્ટપણે સમજે છે અને સંમત થાય છે કે મિલકતના બાંધકામ/ સુધારા માટે લોનનું વિતરણ મિલકત ઉપર બાંધકામ/ સુધારાની કામગીરી શરૂ થાય અને ઋણધારક દ્વારા ધીરાણકર્તાને તે અંગેનો પુરાવો (ધીરાણકર્તાને સંતોષકારક રીતે) પૂરો પાડવામાં આવે ત્યારબાદ જ કરવામાં આવશે.

f. વધુમાં, ધીરાણકર્તા લોનની રકમનું વિતરણ કરતાં પહેલા આવા પુરાવાની સત્યતા ચકાસવાનો પણ અધિકાર ધરાવશે. લોનનું વિતરણ સમયાંતરે ધીરાણકર્તાના આંતરિક દિશાનિર્દેશોના સંદર્ભમાં નિર્ધારિત કર્યા મુજબ કામની પ્રગતિ અનુસાર તબક્કાવાર રીતે કરાશે.

g. જ્યારે લોન સુવિધાનો હેતુ મિલકતનું અધિગ્રહણ/ ખરીદી અને બાંધકામ/રિપેરિંગ/સુધારો વગેરે એમ બંને હોય ત્યારે લોનનો દરેક ભાગ અહીં ઉપરોક્ત આપવામાં આવેલા લાગુ પડતાં નિયમો અને શરતોને આધીન રહેશે.

h. માત્ર રહેણાંક પ્લોટનું અધિગ્રહણ/ ખરીદી અને વધુમાં તેની ઉપર બાંધકામ હોય તોઃ ઋણધારક સ્પષ્ટપણે સમજે છે અને સંમત થાય છે કે તે/તેણી/તેઓ પ્રથમ વિતરણની તારીખથી 36 (છત્રીસ) મહિનાની અંદર રહેણાંક એકમનું સંપૂર્ણપણે બાંધકામ કરશે. જો ઋણધારકે આવા પ્લોટ ઉપર બાંધકામ માટે લોનની સુવિધા મેળવી હોય ત્યારે મિલકતના બાંધકામ માટે લોન રકમનું વિતરણ મિલકત ઉપર બાંધકામ કામગીરીનો પ્રારંભ થાય અને ઋણધારક દ્વારા ધીરાણકર્તાને તેનો પુરાવો (ધીરાણકર્તાને સંતોષકારક રીતે) પૂરો પાડવામાં આવે ત્યારબાદ જ કરવામાં આવશે.

i. લોન રકમનું વિતરણ સમયાંતરે લાગુ પડતી ધીરાણકર્તાના આંતરિક દિશાનિર્દેશો અનુસાર નક્કી કર્યા મુજબ કામની પ્રગતિ અનુસાર તબક્કાવાર રીતે કરવામાં આવશે. કોઇપણ કિસ્સામાં, આવુ બાંધકામ બાર (12) મહિનાની અંદર શરૂ કરવાનું અને પ્રથમ વિતરણની તારીખથી છત્રીસ (36) મહિનાની અંદર પૂર્ણ કરવાનું રહેશે.

**2.5 વિતરણની શરતોઃ-**

a. ઋણધારક દ્વારા હસ્તાંતર કરાયેલા વિતરણ વિનંતી ફોર્મ ("DRF")માં દર્શાવ્યાં મુજબ લોન અંતર્ગત કોઇપણ વિતરણ કરવાની ધીરાણકર્તાની જવાબદારી ધીરાણકર્તાને સંપૂર્ણપણે સંતોષ થાય તેને આધીન રહેશે.

b. ધીરાણકર્તા પૂરી પાડવામાં આવેલી જામીનના વધુ સુધારા/ સચોટતા માટે જો જરૂરી હોય અથવા કોઇ આવા વ્યાજબી કારણો માટે DRFની ગેરહાજરીમાં પણ સમયાંતરે તેના માટે જરૂરી હોય તેવી લોનની રકમનું

વિતરણ કરી શકે છે.

c. જો ઋણધારક ઉપલબ્ધતા સમયગાળાની અંદર ઉલ્લેખિત હેતુ માટે સમગ્ર લોન ઉપાડવા અને/અથવા ઉપયોગ કરવામાં નિષ્ફળ રહે છે તો ધીરાણકર્તા એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિમાઃ- (a) EMIમાં તે રીતે અને તેવા પ્રમાણ સુધી ફેરફાર અથવા પુનઃનિર્ધારણ કરી શકે છે જે ધીરાણકર્તાને યોગ્ય અને વાજબી લાગે. ત્યારબાદ પુનઃચુકવણી EMIના આવા ફેરફાર અને પુનઃનિર્ધારણ અનુસાર કરવામાં આવશે; અથવા (b) ઋણધારકને નોટિસ આપીને લોનની રકમનું વધુ વિતરણ મુલતવી અથવા રદ કરી શકે.

d. ધીરાણકર્તા આ સમજૂતીની તારીખથી 5 (પાંચ) વર્ષ બાદ લોન સુવિધા પરત ખેંચવાનો અધિકાર અબાધિત રાખે છે. લોન સુવિધાનું પુનઃઆકલન કરવામાં આવી શકે છે અને લોન સુવિધાની વધુ સમીક્ષા માટે જરૂરી માહિતી અને દસ્તાવેજો માંગવામાં આવી શકે છે. લોન સુવિધા વધુ સમય માટે ચાલુ રાખવી ધીરાણકર્તાને સંતોષકારક રીતે આકલન અહેવાલ અને ધીરાણકર્તા યોગ્ય અને વાજબી ગણે તેવા વધારાના નિયમો અને શરતોને આધીન રહેશે. લોન સુવિધા ચાલુ રાખવા સંબંધે ધીરાણકર્તાનો નિર્ણય અંતિમ અને ઋણધારકને બંધનકારક રહેશે.

**2.6 પુનઃચુકવણીઃ-**

a. ઋણધારકની વિનંતી પર અને જો ધીરાણકર્તા સંમત થાય તો, ઋણધારક સુવિધા સમજૂતીમાં નિર્ધારિત કર્યા મુજબ ધીરાણકર્તાને EMIની શરૂઆતની તારીખથી દર મહિને EMI અને વધુમાં પ્રથમ EMIની ચુકવણી સુધી પ્રી-EMI ચુકવશે.

ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર EMI, લોન સુવિધાનું સંપૂર્ણપણે વિતરણ કરવામાં આવેલું નથી તે બાબત ધ્યાન ઉપર લીધા વગર સંપૂર્ણ લોન રકમ ઉપર હોઇ શકે છે, વિતરણ કરેલી લોન રકમની રકમ જેટલી લોન રકમની પુનઃચુકવણીની શરતોમાં સમયાંતરે ફેરફાર કરવામાં આવી શકે છે. લોન રકમ અંતર્ગત જ્યારે વિતરણ કરવામાં આવે ત્યારે લોન રકમની પુનઃચુકવણીનો સમયગાળો પૂર્વ વિતરણ (વિતરણો) અને વિતરણ જે કરવામાં આવ્યાં છે તેની ઋણમુક્તિ માટે વધારવામાં આવશે. ધીરાણકર્તા એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિ પર લોન સુવિધાની શરતોમાં ફેરફાર કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

ઋણધારકની વિનંતી પર અને જો ધીરાણકર્તા તે માટે સંમત થાય તો, ઋણધારક ધીરાણકર્તાને લોનના સંપૂર્ણ સમયગાળા ઉપર આધારિત લોન અંતર્ગત વિતરણ કરવામાં આવેલી રકમ ઉપર EMI ચુકવશે. ત્યારપછીના દરેક વિતરણ ઉપર, લોનનો EMI લોનના બાકી રહેલા સમયગાળા માટે લોનની ઋણમુક્તિ માટે વધારવામાં આવશે.

લોન પુનઃચુકવણી પત્રક અનુસાર અને NACH/ ECS/ પોસ્ટ-ડેટેડ ચેક (PDC) અથવા સમયાંતરે પરસ્પર નક્કી કરવામાં આવેલી કોઇ અન્ય પદ્ધતિ મારફતે ભરપાઇ કરવામાં આવશે. જો PDCનો શરૂઆતનો સેટ સમાપ્ત થઇ જાય તો ઋણધારક અંતિમ PDC તારીખના 3 (ત્રણ) મહિના પહેલા PDC પૂરા પાડવા માટે જવાબદાર રહેશે. જો ચુકવણીકર્તાની બેન્ક NACH અથવા ECSની નોંધણી કરવામાં આવેલી નથી તો PDC દ્વારા પુનઃચુકવણી કરવામાં આવશે. ખંડ 2.3ને આધીન, ઋણધારક પત્રકમાં નિર્દિષ્ટ કર્યા અનુસાર લોન સુવિધાની ઋણમુક્તિ કરશે. ઉપરોક્ત જોગવાઇ ઉપરાંત, ઋણધારક જો લાગુ પડે તો દર મહિને ધીરાણકર્તાને પ્રી-EMI ચુકવશે.

b. ECS/ NACHની પરવાનગી પરત લેવી/ SI/ PDCનો અનાદર ઋણધારકને અનાદરના કસૂર માટે જવાબદાર ઠેરવશે. આવા પ્રસંગે અનાદરનો કસૂર નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ, 1881 અને ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ અધિનિયમ, 2007 અને સૂચિત કરવામાં આવે અને/અથવા સમયાંતરે સુધારવામાં આવી શકે તેવા કોઇ અન્ય કાયદાઓ, નિયમો અથવા કરાર અનુસાર, કોઇ અન્ય અધિકારો અને ઉપાયો અંતર્ગત ઉપલબ્ધ હોય તેવા ધીરાણકર્તાના અધિકારોને વિપરિત અસર વગર કર્યો હોવાનું ગણાશે.

c. બાકી ચુકવવાપાત્ર રકમ અથવા વ્યાજ અથવા લોન સુવિધા દસ્તાવેજો અંતર્ગત કોઇ અન્ય ચાર્જિસની ગણતરીની પદ્ધતિ અંગે કોઇ પ્રશ્ન અથવા વિવાદ, ઋણધારકને કોઇ EMI અથવા કોઇ બાકી રહેતી રકમની ચુકવણી રોકવા માટે સક્ષમ બનાવશે નહીં.

d. ઋણધારક વધુમાં સંમત થાય છે કે ધીરાણકર્તા અથવા આ સંબંધમાં ધીરાણકર્તા દ્વારા નિયુક્ત કરવામાં આવેલો કોઇ ત્રીજો પક્ષકાર ઋણધારકને આ સંદર્ભમાં ટેલીકોલ અથવા SMS અથવા ઇમેલ અથવા ડિજિટલ માહિતી સંચારના કોઇ અન્ય યોગ્ય સ્વરૂપ અથવા રહેઠાણ/વ્યવસાયના સ્થાન પર ભૌતિક રીતે મુલાકાત કરીને બાકી નિકળતી રકમની ચૂકવણીના સંદર્ભમાં સ્મૃતિઓ મોકલી શકે છે અને બાકી નિકળતી રકમની વસૂલાત માટે ઋણધારકને કોઇ ટેલી કોલ અથવા વ્યક્તિગત મુલાકાત સવારે 8થી સાંજે 7 વાગ્યા સુધી કરવામાં આવશે.

e. ઋણધારક, ધીરાણકર્તાના નિયમો અને નીતિઓ અનુસાર, EMIની રકમ વધારવાનું અથવા આ લોન સુવિધાના સમયગાળામાં વધારો કરવાનું અથવા બન્ને વિકલ્પ પસંદ કરી શકીએ છીએ અને આ બાબત ધીરાણકર્તા દ્વારા તેના નીતિ અને નિયમો અનુસાર સ્વીકારવામાં આવશે.

**2.7 પ્રી-પેમેન્ટઃ-**

a. ઋણધારક લોન સુવિધાના સાતત્ય દરમિયાન આંશિક અથવા સંપૂર્ણ લોન રકમની પૂર્વ ચુકવણી કરવાનું પસંદ કરી શકે છે અને પ્રી-પેમેન્ટ સમયાંતરે લાગુ પડતાં હોય તેવા પ્રી-પેમેન્ટ ચાર્જિસ સહિત, સિવાય કે અહીં આપેલા પત્રકમાં તેનો ચોક્કસ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય, ધીરાણકર્તાની નીતિ અને નિયમો અને વૈધાનિક દિશાનિર્દેશો અનુસાર કરવામાં અને સ્વીકારવામાં આવશે.

b. બિન-વ્યક્તિગત લોન સુવિધાના કિસ્સામાં, પ્રી-પેમેન્ટ ચાર્જિસ આવા પ્રી-પેમેન્ટની તારીખે પ્રવર્તમાન વૈધાનિક દિશાનિર્દેશો અને ધીરાણકર્તાની નીતિ અનુસાર લાગુ પડશે.

c. ધીરાણકર્તાના ચાર્જિસ અંગે નવીનતમ માહિતી ધીરાણકર્તાની સત્તાવાર વેબસાઇટ www.cgclhomeloans.com ઉપર પણ સૂચિબદ્ધ છે.

**2.8 કરવેરાઓ**

ઋણધારક નીચે આપેલા કરવેરાઓ ચુકવવા માટે જવાબદાર બનશેઃ-

a. તમામ વર્તમાન અને ભવિષ્યના કરવેરાઓ, જેમાં માલ અને સેવા કર (GST), વ્યાજ કર સ્ટેમ્પ ડ્યુટી, અત્રે પરિકલ્પના કરવામાં આવેલા વ્યવહાર ઉપર આવકવેરો અને કોઇ અન્ય કરવેરાઓનો સમાવેશ થઇ શકે છે જે સક્ષમ સત્તામંડળો દ્વારા સમયાંતરે લાગુ પાડવામાં આવે/ સૂચિત કરવામાં આવી શકે છે.

b. તમામ વર્તમાન અને ભવિષ્યના કરવેરાઓ જેમાં શુલ્કો, ખર્ચાઓ, વસૂલાતો, વેરાઓ અને આ સમજૂતીના સંબંધમાં કોઇપણ પ્રકારના અન્ય ચાર્જિસ, અને/અથવા

c. આથી પક્ષકારો વચ્ચે સંમત થવામાં આવે છે કે ઋણધારક દ્વારા

નાદારીના પ્રસંગે જામીનકર્તા અસ્કયામતો, જામીનો, લોન સુવિધા અથવા આ સમજૂતીના સંદર્ભમાં ઉપસ્થિત થતાં કોઇ અન્ય ચાર્જિસ ચુકવવા માટે જવાબદાર બનશે.

ઋણધારક આથી લોન સુવિધાની જોગવાઇના અનુસંધાનમાં કરવેરાઓની ચુકવણી માટે કોઇ જવાબદારી ઊભી થવાના કિસ્સામાં ધીરાણકર્તાને થયેલા કોઇ નુકસાનથી ધીરાણકર્તાને યોગ્ય રીતે ક્ષતિપૂર્તી કરવા માટે સંમત થાય છે.

**2.9 ચુકવણીઓની અરજી**

જ્યાં સુધી ધિરાણકર્તા દ્વારા અન્યથા સંમતિ ન આપવામાં આવે ત્યાં સુધી, ઋણ લેનાર દ્વારા આ કરાર હેઠળ બાકી નીકળતી ચૂકવવાની રકમ અને કરવામાં આવેલી કોઈપણ ચૂકવણી નીચેના ક્રમમાં આવા લેણાં માટે સરભર કરવામાં આવશે, એટલે કે: -

I. ઇએમઆઇ (વ્યાજનો ભાગ)
II. ઇએમઆઇ (મુદ્દલનો ભાગ)
III. અન્ય લાગુ થવા પાત્ર શુલ્ક, જો કોઇ હોય તો
IV. શેષ મુખ્ય રકમ સુવિધા રકમની પુનઃચુકવણી

જો ઋણધારક તેના દ્વારા ધીરાણકર્તાને ચુકવવાપાત્ર રકમના સંપૂર્ણ/ માત્ર તેના ભાગની પૂર્વ ચુકવણી કરે અથવા ધીરાણકર્તા પાસેથી ઋણધારકે મેળવેલી લોન સુવિધાની નિયમિત ચુકવણી કરવામાં કસૂર કરી હોય અને/અથવા બાકી રહેતી રકમને બિન-કાર્યશીલ અસ્કયામત (NPA) જાહેર કર્યા બાદ વસૂલ કરવામાં આવી હોય ત્યારે ધીરાણકર્તા પોતે યોગ્ય ગણે તે પદ્ધતિથી ઋણધારક દ્વારા ધીરાણકર્તાને ચુકવવાપાત્ર રકમ સામે કરેલી પૂર્વ ચુકવણી/ વસૂલ કરેલી/ મેળવી રકમ સરભર કરવાનો અધિકાર ધરાવશે.

ધીરાણકર્તા દ્વારા NPA તરીકે બાકી રહેતી રકમની જાહેરાત તમામ વ્યાવહારિક હેતુઓ માટે લાગુ પડતાં કાયદાઓ અંતર્ગત નિર્દિષ્ટ કર્યા મુજબ જે-તે સમયના ગાળા માટે આવી રકમ ચુકવવાની બાકી બને તેવી ચુકવણીની બાકી તારીખના આધારે કરવામાં આવશે.

**3. જામીન**

a. ઋણધારક સંમત થાય છે અને બાંહેધરી આપે છે કે લોન સુવિધા અને તે અંતર્ગત બાકી નિકળતી રકમો આ સમજૂતીના પત્રકમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી જામીન દ્વારા સુરક્ષિત કરવામાં આવશે અને ઋણધારક આ સમજૂતી સંદર્ભે જામીનનું સર્જન કરવા માટે તમામ આવશ્યક પગલાંઓ હાથ ધરશે.

b. ઋણધારક જાહેર કરે છે અને ખાતરી આપે છે કે તમામ મિલકતો જેની ઉપર ધીરાણકર્તાની તરફેણમાં જામીનનું સર્જન કરવામાં આવ્યું છે તે જામીન પૂરી પાડનારની સંપૂર્ણ અધિકાર હેઠળની મિલકતો છે અને ધીરાણકર્તા સમક્ષ જાહેર કરવામાં આવ્યાં છે તે સિવાયના હક્ક-દાવા, પૂર્વાધિકાર અથવા બોજાથી મુક્ત છે. ઋણધારક સંમત થાય છે કે જામીન ઉપર કોઇ પૂર્વ બોજા, પૂર્વાધિકાર અથવા ગીરો ઊભો કરવામાં આવ્યો હોય તો તે પ્રસંગે જામીન ઉપર માન્ય બોજાના સર્જન માટે તમામ દસ્તાવેજો/ મંજૂરીઓ/ પ્રમાણપત્ર, જેમ કે આ સમજૂતીની સાથે અન્ય ધીરાણકર્તા/ગીરોધારકતેને પત્રકમાં ધીરાણકર્તાને જણાવવામાં આવશે.

c. જો જામીન અપૂરતી/ પછીના સમયે ઊતરતાં મૂલ્યની/ ખોટા મૂલ્યની હોવાનું મળી આવે તેવા પ્રસંગે, ઋણધારક અને/અથવા જામીનકર્તાને ધીરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવી વધારાની જામીન પૂરી પાડવા માટે નિર્દેશ આપવામાં આવશે અથવા ધીરાણકર્તા એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિ પર લોન રકમ ઘટાડી શકે/ લોન રકમની મુક્તિ અથવા હવે પછીની મુક્તિ અટકાવી શકે અથવા લોન સુવિધા પાછી માંગવામાં આવી શકે/ધીરાણકર્તા દ્વારા ત્વરિત અસરથી લોન રકમની પુનઃચુકવણીને ઝડપી બનાવવામાં આવી શકે છે.

d. ઋણધારક સંમત થાય છે અને બાંહેધરી આપે છે કે ધીરાણકર્તા અત્રે આપેલા પત્રકમાં વધુ ચોક્કસપણે વર્ણવ્યાં મુજબ કથિત જામીન ઉપર પ્રથમ અને વિશિષ્ટ બોજો ધરાવશે અને આથી ઋણધારક/ જામીન પ્રદાતા ધીરાણકર્તાની લેખિત પૂર્વ સંમતિ સિવાય, કોઇપણ અન્ય વ્યક્તિ અથવા એકમની તરફેણમાં જામીનમાં કોઇ અન્ય ગીરો, બોજા અથવા જામીન હિતોનું સર્જન કરશે નહીં. ઋણધારક સંમત થાય છે કે જામીન ઉપર ઊભા કરવામાં આવેલા કોઇ પૂર્વ બોજા, પૂર્વાધિકાર અને ગીરોના પ્રસંગે તેને પત્રક અને જામીન ઉપર બોજાનું સર્જન કરવા માટે વપરાયેલા તમામ દસ્તાવેજો/ મંજૂરીઓ/ પ્રમાણપત્રોમાં જાહેર કરવામાં આવશે, જેમ કે આ સમજૂતીની સાથે અન્ય ધીરાણકર્તા/ ગીરોધારક પાસેથી મંજૂરીઓ.

e. જામીન અથવા વધારાની જામીન, અન્ય જામીનગીરી ઉપરાંત અને તેનું અવમૂલ્યન કરે તેવી રહેશે નહીં, જેને ધીરાણકર્તા બાકી રકમ સંદર્ભે કોઇપણ સમયે ધરાવી શકે છે અને ધીરાણકર્તાને ત્યાં સુધી ઉપલબ્ધ રહેશે જ્યાં સુધી લોન સુવિધાના સંદર્ભમાં ધીરાણકર્તા અને ઋણધારક વચ્ચેની તમામ ખાતાઓ આખરી રીતે સરભર ન થઇ જાય અને ધીરાણકર્તા જામીનના સંદર્ભમાં બોજમુક્તિ/છૂટકારા માટે સંમતિ આપે નહીં.

f. લોનના સંબંધમાં ઋણધારક દ્વારા ધીરાણકર્તાને પૂરી પાડવામાં આવેલી તમામ જામીન (જામીનો), જામીન (જામીનો) આગળ ચાલુ રાખવા માટે ગણવામાં આવશે અને ધીરાણકર્તા પાસેથી ઋણધારક અને/અથવા જામીનકર્તા દ્વારા લેવામાં આવેલી લોન સુવિધા અથવા કોઇ અન્ય લોન સુવિધા અથવા લોનના સંદર્ભમાં તમામ બાકી ચુકવણીઓ ધીરાણકર્તાને સંપૂર્ણ સંતોષકારક રીતે સંપૂર્ણપણે ચુકવવામાં ન આવે અને ધીરાણકર્તા દ્વારા આવી જામીન (જામીનો)ની મુક્તિ માટે લેખિતમાં સંમતિ આપવામાં ન આવે ત્યાં સુધી મુક્ત કરવામાં આવશે નહીં.

**4. પૂર્વ શરતો અને અનુગામી શરતો**

**4.1 પૂર્વ શરતો:-**

a. નીચે આપેલી બાબતો લોન સુવિધા અથવા તેના કોઇ ભાગના વિતરણ માટે પૂર્વ શરતો ગણાશે, જેનું ધીરાણકર્તાને સંતોષકારક હોય તે રીતે અનુપાલન કરવાનું રહેશે ("પૂર્વ શરતો"):-

i. ઋણધારક દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલા DRFમાં જરૂરિયાત મુજબ લોન અંતર્ગત કોઇપણ વિતરણ કરવા માટે ધીરાણકર્તાની જવાબદારી ધીરાણકર્તાને સંપૂર્ણપણે સંતોષકારક હોય તે રીતે આ સમજૂતી અને લોન સુવિધા દસ્તાવેજોના નિયમો અને શરતોને આધીન રહેશે.

ii. ઋણધારક લોન સુવિધાનું વિતરણ મેળવતા પહેલાં લોન સુવિધા મેળવવાના હેતુસર તેના પોતાના યોગદાનનો ઉપયોગ કરશે અને સમયાંતરે ધીરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવા તે અંગેના દસ્તાવેજી પુરાવા ધીરાણકર્તાને પૂરા પાડશે.

iii. જામીનકર્તા અને ઋણધારક ધીરાણકર્તાની તરફેણમાં જામીનનું સર્જન કરવાના સંબંધમાં ધીરાણકર્તા દ્વારા જરૂરી ગણવામાં આવે તેવા દસ્તાવેજો અમલી બનાવશે.

b. ઋણધારક તે વાતની ખાતરી કરશે કે મંજૂર કરાયેલા પ્લાનના સંદર્ભમાં, બાંધકામની મંજૂરીના નિયમોનું કોઇ ઉલ્લંઘન કરવામાં આવ્યું નથી અને ધીરાણકર્તા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સમયગાળાની અંદર કામગીરી પૂર્ણતા પ્રમાણપત્ર મેળવવાની એકમાત્ર જવાબદારી ઋણધારકની રહેશે, જેમાં નિષ્ફળ રહેવાથી ધીરાણકર્તા, પોતે યોગ્ય ગણે તેવા વ્યાજ, કિંમતો અને અન્ય બેન્ક ચાર્જિસ સાથે સમગ્ર લોન રકમ પરત માંગવાની સત્તા અને અધિકાર ધરાવશે.

c. ઋણધારક ધીરાણકર્તાને સમયાંતર જરૂરી હોય તેવા કોઇપણ ઇનવૉઇસ પૂરા પાડશે, જો ધીરાણનો હેતુ તેની સાથે સાથે ઋણધારક દ્વારા ચોક્કસ માલની ખરીદી માટે ધીરાણ મેળવાનો હોય.

ઋણધારક / જામીનકર્તા લોન રકમનું વિતરણ કરતા પહેલાં તમામ જામીન દસ્તાવેજો અમલ કરશે અને ધીરાણકર્તા દ્વારા સ્વીકાર્ય હોય તેવા સ્વરૂપમાં અને પદ્ધતિમાં યોગ્ય જામીનનું સર્જન કરશે અને અને બોજો, જો હોય તો, યોગ્ય રીતે દાખલ કરવાની ખાતરી કરશે.

આ સમજૂતી અંતર્ગત ઋણધારકને તેમની/તેની/તેઓની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે અસંભવ બનાવે તેવા કોઇ અસામાન્ય અથવા અન્ય સંજોગો સર્જાયા હોવાનું ગણાશે નહીં.

ઋણધારક પુરાવો પૂરો પાડશે અને તે સંબંધમાં ધીરાણકર્તાને સંતોષ કરાવશે કે કોઇ કાયદાની અદાલત અથવા સરકારી સત્તામંડળ અથવા કોઇ અન્ય સક્ષમ સત્તામંડળ સમક્ષ ઋણધારક અથવા જામીનકર્તા અથવા જામીન પૂરી પાડવાર વિરુદ્ધ કોઇ પગલાં, દાવા, કાર્યવાહી અથવા તપાસો પડતર નથી અથવા તેનું જોખમ નથી, જે ઋણધારક અથવા જામીનકર્તા અથવા જામીન પૂરી પાડનારની નાણાકીય અને અન્ય બાબતો ઉપર વિપરિત અસર ધરાવી શકે છે.

ઋણધારક, ધીરાણકર્તા નિર્દિષ્ટ કરે તે રીતે, તેના ઑડિતર તરફથી પુરાવો અથવા પ્રમાણપત્ર પૂરું પાડશે, જે પત્રકમાં ઉલ્લેખિત હેતુ પ્રત્યે કોઇ પૂર્વ ભરપાઇ કરેલી આવકોનું ઋણધારક દ્વારા ઉપયોગીતા અંગે અને ઋણધારક દ્વારા લોન રકમનું માર્ગાંતર / ઉચાપત કરાઇ નથી તે અંગે ધીરાણકર્તાને સંતોષકારક રીતે ખાતરી પૂરી પાડશે.

ઋણધારક કોઇપણ પૂર્વ ચુકવણીની પ્રાપ્તિ પહેલા ઋણધારક દ્વારા ઉપયોગ અંગે પુરાવો પૂરો પાડશે અને ધીરાણકર્તાને સંતુષ્ટ કરશે.

ઋણધારક સમયાંતરે ધીરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવી પૂર્વવર્તી કોઇપણ વધારાની શરતોનું અનુપાલન કરશે. લોન સુવિધાના સ્વરૂપને ધ્યાનમાં રાખ્યાં વગર, ઉપરોક્ત પૂર્વવર્તી શરતો ઉપરાંત આ ખંડ 4માં નિર્ધારિત કરવામાં આવેલી પૂર્વવર્તી શરતોની સાથે સાથે દસ્તાવેજોની આપૂર્તિ અને/અથવા ધીરાણકર્તાની અન્ય જરૂરિયાતોનું અનુપાલનનો પુરાવો ધીરાણકર્તા અથવા ધીરાણકર્તાના કાનૂની સલાહકારને સંતોષકારક રીતે થાય તે રીતે કરવું ઋણધારકની તરફેણમાં ધીરાણકર્તા દ્વારા લોનના વિતરણની પૂર્વ શરત રહેશે.

**4.2 અનુગામી શરતોઃ-**

a. જો ઋણધારક કંપની/ મર્યાદિત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢી છે તો તે પ્રસંગે તેમણે જામીન દસ્તાવેજો અનુસાર ધીરાણકર્તાની તરફેણમાં ઊભી કરવામાં આવેલી જામીનના સંદર્ભમાં બોજાના સર્જનની તારીખથી 30 (દિવસ)ના સમયગાળાની અંદર લાગુ પડતાં કંપની રજીસ્ટ્રાર સમક્ષ યોગ્ય સ્વરૂપમાં ધીરાણકર્તાની તરફેણમાં બોજાના સર્જનની નોંધણી કરાવવાની રહેશે.

b. ઋણધારક રજીસ્ટ્રેશન એક્ટ, 1908 અને સમયાંતરે સુધારવામાં આવેલી જોગવાઇઓ અંતર્ગત યોગ્ય રીતે નોંધણી કરવી જરૂરી હોય તેવા જામીન દસ્તાવેજો સુનિશ્ચિત કરવા સહિત પરંતુ તેટલા પૂરતા મર્યાદિત નહીં તેવા જામીન દસ્તાવેજોના નિયમો સાથે તેને સુસંગત રીતે ધીરાણકર્તાની તરફેણમાં જામીન પૂર્ણ કરવા માટે જરૂરી હોય તેવા જામીન પ્રદાતા(ઓ) દ્વારા હાથ ધરવી જરૂરી હોય તેવી તમામ આવશ્યક કાર્યવાહીઓ હાથ ધરશે અથવા તમામ આવશ્યક કાર્યવાહીઓ હાથ ધરાવશે.

**5. ઋણધારક અને જામીનકર્તાઓ દ્વારા કરાયેલી રજૂઆતો**

ઋણધારક ધીરાણકર્તા સમક્ષ નીચે મુજબ રજૂઆત કરે છે અને તેને સમર્થન આપે છેઃ-

i. ઋણધારક કરાર કરવા માટે કાનૂની રીતે સક્ષમ છે અને કાયદેસર રીતે નિર્મિત અને ભારતમાં કાયદા સાથે સુસંગત રીતે અસ્તિત્વ ધરાવે છે અને કામગીરી કરે છે.

ii. ઋણધારકે તમામ આવશ્યક કાર્યવાહીઓ હાથ ધરી છે અને આ સમજૂતી અંતર્ગત તેની જવાબદારીઓમાં દાખલ થવા અને તેને અદા કરવા માટે અને લોન સુવિધા/ઓ મેળવવા માટે કાયદા હેઠળ જરૂરી હોય તેવી તમામ આવશ્યક પરવાનગીઓ, સંમતિઓ, મંજૂરીઓ વગેરે મેળવી છે.

iii. આ સમજૂતીને અમલમાં મૂકી રહેલી દરેક વ્યક્તિ આ સમજૂતીનો અમલ કરવા અને હાથ ધરવા માટે યોગ્ય અધિકૃતતા ધરાવે છે જેથી તે ઋણધારકને બંધનકારક બનાવી શકે.

iv. ઋણધારક દ્વારા આ સમજૂતીનો અમલ અથવા તેને પૂર્ણ કરવાથી અથવા તેનું અમલીકરણ ભારતના કાયદાનું અથવા કરવામાં આવેલા કોઇ કરારોનું અથવા આ સમજૂતી અંતર્ગત ઋણધારક આપવામાં આવેલી બાંહેધરીનું અથવા ધીરાણકર્તા સિવાય કોઇ અન્ય વ્યક્તિ સાથે કરાયેલી વ્યવસ્થાના ઉલ્લંઘનમાં પરિણમશે નહીં.

v. સક્ષમ અધિકારીઓ (ભારતીય રિઝર્વ બેંક સહિત) દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવતી વિલફુલ ડિફોલ્ટર્સ લિસ્ટ (ઇરાદાપૂર્વક નાદારની યાદી) અથવા અન્ય કોઈપણ નાદારની યાદીમાં, ઋણધારકમાંથી કોઈનું નામ કે આવા કોઈપણ ઋણધારકના ડિરેક્ટર, ભાગીદારો, મેનેજમેન્ટની મુખ્ય વ્યક્તિઓ અથવા ઋણધારક સંસ્થાના કામકાજને લગતી બાબતોના મેનેજમેન્ટ માટે પ્રભાર સંભાળનાર અને ઉત્તરદાયી કોઈપણ અન્ય વ્યક્તિનું નામ દેખાતું નથી. જો કોઈ એવી વ્યક્તિ જેનું નામ RBI/ક્રેડિટ માહિતી કંપનીઓ અથવા કોઈપણ સક્ષમ અધિકારી દ્વારા બહાર પાડવામાં આવતી વિલફુલ ડિફોલ્ટરની યાદીમાં દેખાય છે, તો તે ઋણધારકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ભાગીદારો, મેનેજમેન્ટ સ્તરના મુખ્ય કર્મચારીઓનો ભાગ હોય, ઋણધારક સંસ્થાના કામકાજને લગતી બાબતોના મેનેજમેન્ટ માટે પ્રભાર સંભાળનાર અને જવાબદાર કોઈપણ વ્યક્તિ હોય તેવું જાણવા મળે છે, તો ઋણધારક આવા વ્યક્તિને તેમના બોર્ડ અથવા મેનેજમેન્ટ (લાગુ પડતું હોય તેમ)માંથી ઝડપથી દૂર કરવા માટે જરૂરી હોય તેવી કાર્યવાહી કરવા અને અસરકારક પગલાં લેવા માટે સંમત થાય છે.

vi. નીચેમાંથી કોઇ બાબત કોઇ કાયદા/ કરાર અંતર્ગત કસૂર અથવા ઉલ્લંઘન અને ભંગ નથીઃ

a. ઋણધારક જ્યારે કંપની હોય ત્યારે ડિરેક્ટર્સ અને ચાવીરૂપ પ્રબંધન સ્થાને રહેલી વ્યક્તિ; અથવા

b. જ્યારે ઋણધારક ભાગીદારી પેઢી હોય ત્યારે ઋણધારક ભાગીદારો; અથવા

c. ઋણધારક જ્યારે વ્યક્તિ, એકલ માલિકીની પેઢી અને/અથવા કોઇ અન્ય કાનૂની એકમ હોય ત્યારે તમામ ઋણધારકો.

vii. કોઇ ઋણધારકે:-

a. દેવાદારી, નાદારી, સમાધાન, વ્યવસ્થા, બિમાર તરીકે નોંધણી માટે કોઇ અદાલત, ન્યાયપંચ અથવા સત્તામંડળ સમક્ષ દાવો દાખલ કર્યો નથી અથવા અરજી કરી નથી અથવા કોઇ કાર્યવાહીનો પ્રારંભ કર્યો નથી; અને

b. દેવાદારી અથવા નાદારીની નોટિસ આપવામાં આવી નથી અથવા તે બજવવામાં આવે તેનું જોખમ રહેલું નથી.

viii. કોઇપણ ઋણધારકની સામે કોઇપણ વ્યક્તિ દ્વારા દેવાદારી અથવા નાદારી અથવા કોઇ ઋણધારકને નાદાર અથવા તેને સમકક્ષ જાહેર કરવા માટે દાવો કરાયો નથી અથવા અરજી દાખલ કરવામાં આવી નથી અથવા કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી.

ix. જ્યારે સહ-ઋણધારકો હોય ત્યારે ઋણધારકની જવાબદારી સંયુક્ત અને વ્યક્તિગત રહેશે. જ્યારે લોન સુવિધા એક કરતાં વધુ ઋણધારકને પૂરી પાડવામાં આવી હોય ત્યારે, અહીં જણાવેલી કોઇપણ બાબત ધ્યાન પર લીધા વગર, વ્યાજ સહિત લોન રકમની પુનઃચુકવણી કરવાની ઋણધારકની જવાબદારી અને વર્તમાન સમજૂતી અંતર્ગત તમામ ચુકવવાપાત્ર અન્ય રકમો અને વર્તમાન સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવાની અને વધુમાં લોન સુવિધા અને કોઇ અન્ય લોન અથવા લોનોના સંદર્ભમાં ધીરાણકર્તા સાથે ઋણધારક દ્વારા અમલમાં મુકવામાં આવી શકે તેવી કોઇ અન્ય સમજૂતી(ઓ), દસ્તાવેજ(જો)ના નિયમો અને શરતોનું પાલન કરવાની જવાબદારી સંયુક્ત અને વ્યક્તિગત છે.

**6. કરારો**

ધીરાણકર્તા લોન સુવિધા(ઓ) મંજૂર કરે તે માટે/ મંજૂર કરી હોવાના અવેજમાં, ઋણધારક કરાર કરે છે અને બાંહેધરી આપે છે કે ધીરાણકર્તાને ઋણધારક દ્વારા લોન સુવિધા હેઠળ તમામ રકમો (મૂડી, વ્યાજ, કમિશન, ડિસ્કાઉન્ટ, ચાર્જિસ, ફી અને કિંમતો સહિત)ની સંપૂર્ણ પુનઃચુકવણી કરવામાં ન આવે ત્યાં સુધી, ઋણધારકઃ

a. આ સમજૂતીની શરતો યોગ્યપણે અમલી રાખશે, તેનું પાલન કરશે અને તેમનો વ્યવસાય અને જવાબદારીઓનું કાનૂની રીતે વહન કરવા માટે તેને સક્ષમ બનાવે તેવી તમામ અધિકૃતતાઓ, મંજૂરીઓ, પરવાનાઓ અને સંમતિઓ સંપૂર્ણપણે અમલી રાખવા માટે અને તેને પ્રભાવી બનાવવા માટે તમામ આવશ્યક હોય તેવા પગલાં ભરશે.

b. કોઇ વ્યક્તિને કોઇ રકમ ચુકવવા માટે અથવા કોઇ કરાર અંતર્ગત તેની કોઇપણ જવાબદારીઓનું અનુપાલન કરવા માટે જ્યારે ઋણધારકની કોઇ અસક્ષમતા ઊભી થાય ત્યારે તે અંગે ધીરાણકર્તાને જાણ કરશે.

c. નાદારીનો પ્રસંગ સર્જાવવા પર ધીરાણકર્તાને જાણ કરશે.

d. કોઇ જોડાણ, વિલીનીકરણ અથવા એકીકરણ, ધીરાણકર્તાની પૂર્વ લેખિત સંમતિ વગર શરૂ કરશે નહીં અથવા પૂરું કરશે નહીં.

e. જામીનના સંદર્ભમાં સહકારી સોસાયટી, સંગઠન, કંપની અને કોઇ અન્ય સક્ષમ સરકારી સત્તામંડળની બોલીઓ અને શરતો, તમામ નિયમો, નિયમનો, પેટા-કાયદાઓ વગેરેનું પાલન કરશે અને જામીન અને/અથવા તેના ઉપયોગના સંદર્ભમાં મેઇન્ટેનન્સ ચાર્જિસ, મ્યુનિસિપલ વેરા અને અન્ય ચૂકવવાપાત્ર બની શકે તેવા ચાર્જિસ ચૂકવશે.

f. ઋણધારક જો કંપની હોય તો તેના શેરધારણના હિસ્સામાં અથવા જો ઋણધારક ભાગીદારી પેઢી હોય તો ભાગીદારીના રચનામાં ધીરાણકર્તા તરફથી પૂર્વ લેખિત સંમતિ વગર કોઇ ફેરફાર અમલી બનાવશે નહીં અને જો ઋણધારક વ્યક્તિ હોય તો તે/તેણી, તેના/તેણીની રોજગારી અથવા વ્યવસાયમાં કોઇ ફેરફાર અંગે ઋણધારકને સૂચના આપશે.

g. ધીરાણકર્તાને કુદરતી કારણોસર અથવા નુકસાન અથવા અન્ય જોખમોના કારણે જામીન થયેલી કોઇ હાની અને નુકસાન અંગે ત્વરીત જાણ કરશે, જેની વિરુદ્ધ કથિત જામીનને વીમાકૃત કરવામાં આવેલી નથી.

h. જ્યારે પણ ધીરાણકર્તાને જરૂર હોય ત્યારે, તેના ઑડિટર પાસેથી પ્રમાણપત્ર પૂરું પાડશે, જે પુરાવો પૂરો પાડશે કે ઋણધારક દ્વારા લોનની રકમ ગેરમાર્ગે દોરવામાં/ ઉચાપાત કરવામાં આવી નથી.

i. જ્યાં સુધી તેના પ્રમોટર(રો), ડિરેક્ટર(રો), ભાગીદાર(રો) અને/અથવા ઋણધારક સંસ્થાના કામકાજને લગતી બાબતોના મેનેજમેન્ટ માટે પ્રભારમાં રહેલા અને જવાબદાર વ્યક્તિનું નામ, જેમ લાગુ પડતું હોય તેમ, વિલફુલ ડિફૉલ્ટરની યાદીમાં રહે છે, ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં ધિરાણકર્તા પાસેથી નવીકરણ, વૃદ્ધિ, નવી ક્રેડિટ સુવિધાઓ અથવા હાલની સુવિધાનું પુનર્ગઠન કરવા હકદાર રહેશે નહીં.

j. ઋણધારક સ્વીકારે છે અને સંમત થાય છે કે ધિરાણકર્તાને ધિરાણકર્તાના બોર્ડ દ્વારા મંજૂર નીતિ અનુસાર, કોઈપણ શંકા અથવા છેતરપિંડીની પ્રવૃત્તિ અથવા ગેરરીતિના સંકેતના કિસ્સામાં, સુવિધા અને ઋણધારકના લોન ખાતાની દેખરેખ અને તપાસ કરવા માટે બાહ્ય અથવા આંતરિક ઑડિટર્સને નિયુક્ત કરવાનો અધિકાર છે. આવા ઑડિટ સમયસર પૂર્ણ થાય તેની ખાતરી કરવા માટે ઋણધારક ઑડિટર્સને જરૂરી તમામ માહિતી, માહિતી અને દસ્તાવેજો પૂરા પાડવા માટે સંપૂર્ણ સહકાર આપશે. જો સબમિટ કરવામાં આવેલો ઑડિટ અહેવાલ અનિર્ણિત રહે અથવા ઋણધારક દ્વારા સહકારમાં અભાવના કારણે તેમાં વિલંબ થાય, તો ધિરાણકર્તાને તેના રેકોર્ડ્સ પર ઉપલબ્ધ માહિતી/સામગ્રી અને તેની પોતાની આંતરિક તપાસ અથવા મૂલ્યાંકનના આધારે, ઋણધારકના લોન ખાતા અને સુવિધાની સ્થિતિ તેની વિવેકબુદ્ધિથી નક્કી કરવાનો અધિકાર રહેશે, જેમાં ખાતું છેતરપિંડીભર્યું હોવાના કે અન્યથા તારણ પર આવવાનું સામેલ છે.

k. **દેવાદારી અને નાદારી સંહિતા, 2016 અંતર્ગત જાહેરાત.**

i. ઋણધારક આથી સંહિતા અંતર્ગત રચવામાં આવેલા સંબંધિત નિયમનો સાથે સુસંગત રીતે સંહિતાની કલમ 3(21)માં વ્યાખ્યાયિત કર્યા મુજબ કોઇ 'માહિતી ઉપયોગીતા' ("IR") સંબંધે, સમયાંતરે

ધીરાણકર્તા પાસેથી મેળવવામાં આવેલી લોન સુવિધાના સંદર્ભમાં, સમયાંતરે સુધારવામાં આવ્યાં હોય અને અમલમાં હોય અને સમયાંતરે તે અંતર્ગત નિર્દિષ્ટ કરવામાં આવ્યાં હોય તેવા સંહિતા અંતર્ગત બનાવવામાં આવેલા સંબંધિત નિયમનો/નિયમોને સાથે રાખીને વંચાણે લેતા દેવાદારી અને નાદારી સંહિતા, 2016 ("સંહિતા")ની કલમ 3(13)માં વ્યાખ્યાયિત કર્યા મુજબ 'નાણાકીય માહિતી' જાહેર કરવા/ પૂરી પાડવા માટે ધીરાણકર્તાને ચોક્કસ સંમતિ આપે છે અને આથી સંબંધિત IU દ્વારા જ્યારે વિનંતી કરવામાં આવે ત્યારે ધીરાણકર્તા દ્વારા પૂરી પાડેલી 'નાણાકીય માહિતી'ને ત્વરીત રીતે પ્રમાણિત કરવા માટે ચોક્કસ સંમતિ આપે છે. ઋણધારક વધુમાં બાંહેધરી આપે છે કે, (a) કોઇપણ CIC માહિતી ઉપયોગિતા અને આ રીતે અધિકૃત કરવામાં આવેલી કોઇ અન્ય એજન્સી ધીરાણકર્તા દ્વારા યોગ્ય ગણવામાં આવેલી પદ્ધતી અને રીતે ધીરાણકર્તા દ્વારા જાહેર કરવામાં આવેલી આવી માહિતી અને ડેટાનો ઉપયોગ, પ્રક્રિયા કરી શકે છે; અને (b) આ રીતે અધિકૃત કરવામાં આવેલી કોઇ CIC, IU અને અન્ય કોઇ એજન્સી બેન્કો, નાણાકીય સંસ્થાઓ અને આ સંદર્ભે RBI દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અન્ય ક્રેડિટ ગેરેન્ટર અને અથવા નોંધાયેલા વપરાશકર્તાઓને અવેજ માટે પ્રક્રિયા કરેલી માહિતી અને જાહેર કરવામાં આવેલો ડેટા અથવા તેની પ્રોડક્ટ્સ પૂરી પાડી શકે છે.

ii. ઋણધારક, ઋણધારક દ્વારા પૂરી પાડવામાં આવેલી તમામ માહિતી, ડેટા અથવા દસ્તાવેજો અથવા આ ખંડ 6 (i) (ii) (દેવાદારી અને નાદારી સંહિતા, 2016 અંતર્ગત એકરાર)માં ઉલ્લેખ કર્યા મુજબ ઋણધારક દ્વારા પૂરી પાડવામાં આવી હોય તેવી અન્ય માહિતી અને વધુમાં ઋણધારકના એકાઉન્ટના આચરણ, ધીરાણ ઇતિહાસ અથવા પુનઃચુકવણી રેકોર્ડ સંબંધિત માહિતીનું ધીરાણકર્તા સાથે ધીરાણ વ્યવસ્થામાં જોડાયેલી અન્ય બેન્કો/ નાણાકીય સંસ્થા સાથે આપ-લે, શેર અથવા વહેંચણી કરવા માટે સંમત થાય છે, બાંહેધરી આપે છે અને ધીરાણકર્તાને અધિકૃતતા આપે છે, ભલે તે એકલ અથવા કન્સોર્ટિયમ બેન્કિંગ વ્યવસ્થા હેઠળ અને વધુમાં સહ-ઋણધારકો સહિત ઋણધારકને ધીરાણ કરવાનો ઇરાદો ધરાવતી બેન્કો અને નાણાકીય સંસ્થાઓને બેન્ક આવશ્યક ગણતી હોય તે રીતે અથવા આવી બેન્કો/ નાણાકીય સંસ્થાઓ દ્વારા આવી માહિતી / ડેટાનો ઉપયોગ કરવા માટે અથવા પ્રક્રિયા કરવા માટે અથવા અન્ય બેન્કો / નાણાકીય સંસ્થાઓ / ધીરાણ પ્રદાતાઓને પ્રક્રિયા કરેલી માહિતી પૂરી પાડવા માટે જરૂરી બની શકે છે તેમ બેન્ક આવશ્યક અને યોગ્ય ગણતી હોય અને આવી માહિતીના ઉપયોગ બદલ ઋણધારક ધીરાણકર્તાને જવાબદાર ગણશે નહીં.

iii. અત્રે નક્કી કરવામાં આવેલા નિર્ધારિત સમયમાં મૂડી રકમ/વ્યાજની પુનઃચુકવણીના સંદર્ભમાં આ સમજૂતી હેઠળ ઋણધારક નાદાર થાય છે તો તે પ્રસંગે ધીરાણકર્તા, ટ્રાન્સયુનિયન CIBIL લિમિટેડ અને/અથવા ભારતીય રિઝર્વ બેન્ક, કોઇપણ લાયકાત વગર, ધીરાણકર્તા/ ટ્રાન્સયુનિયન CIBIL લિમિટેડ/ ભારતીય રિઝર્વ બેન્ક એકમાત્ર પોતાની વિવેકબુદ્ધિને આધીન રહીને યોગ્ય ગણે તેવી પદ્ધતિથી અને તેવા માધ્યમ મારફતે ઋણધારકનું નામ જાહેર અને પ્રસિદ્ધ કરવાનો અધિકાર ધરાવશે.

I. રાષ્ટ્રીય ઇમારત સંહિતાઃ

i ભારતીય માનક બ્યૂરો દ્વારા ઘડવામાં આવેલી ભારતીય રાષ્ટ્રીય ઇમારત સંહિતા / અમલમાં હોય તેવા સમયાંતરે સુધારા કર્યા મુજબ કોઇ અન્ય વૈધાનિક સત્તામંડળ અને/અથવા તેના કોઇ વૈધાનિક પુનઃસુધારાઓની જોગવાઇઓનું પાલન કરવામાં આવ્યું છે.

ii ઇમારતોની માળખાકીય ડિઝાઇન અને/અથવા પ્રોજેક્ટની માળખાકીય રચના કરતાં ભાગ (પ્રવર્તમાન બાંધકામના સંપૂર્ણ અથવા તેના કોઇ ભાગમાં કોઇ ઉમેરાઓ, સુધારાઓ, વિસ્તરણ અથવા ફેરફારો સહિત પરંતુ આવાસ બાંધકામ, ઇમારત અને બિન ઇમારતની સમગ્ર શ્રેણી સુધી મર્યાદિત નહીં) આપદા પ્રતિરોધક છે અને તેની ડિઝાઇન માટે તમામ સલામતી પાસાંઓને ધ્યાનમાં રાખવામાં આવી છે.

iii ઋણધારક બાંધકામ નિર્માણ સલામતી નિયમો અંગે હંમેશા અવગત રહેશે અને કુદરતી હોનારતો અને આપતિઓના કિસ્સામાં ઇમારતના માળખાને સલામત અને યથાસ્થિતિમાં જાળવી રાખવા માટે તમામ સંભવિત કાળજી અને સાવધાની રાખશે. જ્યારે ઋણધારક જમીન ઉપર નિર્માણ કરવાનું/વિકસાવવાનું આયોજન કરી રહ્યો હોય ત્યારે ઋણધારક ઇમારતના માળખાની સલામતી અને સુરક્ષા માટે નિર્ધારિત કરવામાં આવેલા રાષ્ટ્રીય આપત્તિ પ્રબંધન સત્તામંડળ (NDMA) તેમજ ભારતીય માનક બ્યૂરોના નિર્દેશોનું પાલન કરીને અને તેની સાથે સુસંગત રહીને ભારતીય રાષ્ટ્રીય બિલ્ડિંગ સંહિતા દ્વારા પૂરા પાડવામાં આવેલા દિશાનિર્દેશોનું પાલન કરશે.

iv આ ખંડ 6 (i. iv (રાષ્ટ્રીય ઇમારત સંહિતા)ના અનુસંધાનમાં પ્રભાવિત થયેલા કોઇ સુધારો અથવા મુક્તિ તમામ પક્ષકારો અને તેમના સંબંધિત અનુગામીઓ અને માન્ય મુખત્યારોને બંધનકર્તા રહેશે. આ સમજૂતીમાં રાષ્ટ્રીય આવાસ બોર્ડ દ્વારા જારી કરાયેલી કોઇ માર્ગદર્શિકાઓ અને/અથવા દિશાનિર્દેશોના અનુસંધાનમાં કરવામાં આવેલા કોઇ સુધારાઓની જરૂર પડે તે પ્રસંગે પક્ષકારો જરૂરી હોય તેવા આવા સુધારાઓ કરવા સંમતિ આપે છે અને સ્વીકારે છે.

**6.1 નકારાત્મક કરારો**

ઋણધારક વધુમાં ધીરાણકર્તા સાથે કરાર કરે છે કે, ધીરાણકર્તા અગાઉથી લેખિતમાં સંમતિ આપે તે સિવાય, ઋણધારકઃ-

a. તે બાબતની ખાતરી કરશે કે ગીરો મિલકત ભાડે આપવામાં આવે નહીં અથવા મુક્તિ પરવાના ઉપર આપવામાં આવે નહીં અથવા કોઇપણ રીતે તેની ઉપર કોઇ બોજાનું સર્જન કરવામાં આવે નહીં અથવા અન્યથા કોઇપણ રીતે તેના કબજામાં ફેરફાર કરવામાં આવે નહીં અથવા કોઇ નોંધપાત્ર ફેરફાર હાથ ધરવામાં આવે નહીં અથવા ધીરાણકર્તાની પૂર્વ લેખિત સંમતિ વગર તેના કોઇ ભાગનું કોઇ વસ્તુલક્ષી ફેરફાર, સુધારો, નિર્માણ અથવા તોડફોડ કરવામાં આવે નહીં.

b. ખાતરી કરશે કે જામીન અથવા તેના કોઇ ભાગને વેચવામાં, મોર્ગેજ, લીઝ, સુપરત અથવા અન્યથા કોઇ રીતે છૂટો પાડવામાં, બોજ સર્જવામાં અથવા કોઇ ત્રીજા પક્ષકારના હિતનું સર્જન કરવામાં આવે નહીં.

c. કોઇપણ વ્યક્તિના જામીન તરીકે ઊભો રહેશે નહીં અથવા કોઇ દેવાની પુનઃચુકવણી અથવા કોઇ અસ્કયામતની ખરીદી કિંમત માટે બાંહેધરી આપશે નહીં.

d. કોઇપણ પદ્ધતિમાં જામીન તરીકે વ્યવહાર કરવા માટે કોઇ વ્યક્તિની તરફેણમાં મુખત્યારનામુ અથવા કોઇ અન્ય સમાન અથવા અન્ય લેખ જેવા કોઇ દસ્તાવેજોનો અમલ કરશે નહીં

e. મૌખિક કરાર અથવા અન્ય રીતે જામીનના કોઇ વિભાજનને પ્રભાવી બનાવશે નહીં અથવા કોઇ પરિવાર વ્યવસ્થામાં દાખલ થશે નહીં અથવા વ્યવસાયના હેતુ માટે તેનો ઉપયોગ કરશે નહીં અથવા જામીન ઉપર કોઇપણ પ્રકારના બોજાનું સર્જન કરશે નહીં.

f. જ્યાં સુધી બાકી રહેતી રકમો ઋણધારક દ્વારા સંતોષકારક રીતે ચૂકવી દેવામાં ન આવે ત્યાં સુધી ધીરાણકર્તા તરફથી પૂર્વ લેખિત સંમતિ વગર જો ઋણધારક કંપની હોય ત્યારે સંચાલકમંડળ અથવા પ્રવર્તમાન માલિકી અથવા નિયંત્રણ અથવા તેની શેર ધારણ કરવાની પેટર્નમાં અથવા જો ઋણધારક ભાગીદારી પેઢી હોય તો ભાગીદારીના બંધારણમાં કોઇ ફેરફાર કરશે નહીં.

g. જ્યાં સુધી બાકી નિકળતી રકમ ઋણધારક દ્વારા સંતોષકારક રીતે ચુકવવામાં ન આવે ત્યાં સુધી (જો ઋણધારક વ્યક્તિ હોય તો) તે/તેણી વ્યાજ અને અન્ય બાકી ચુકવણીઓ અને અત્રે આપેલા પત્રકમાં સમાવિષ્ટ કર્યા મુજબના પ્રી-પેમેન્ટ ચાર્જિસ સહિત લોનની રકમની સંપૂર્ણ પુનઃચુકવણી કર્યા વગર ધીરાણકર્તાની લેખિત પૂર્વ સંમતિ વગર રોજગારી અથવા વ્યવસાય અથવા વિદેશમાં લાંબાગાળાના રોકાણ માટે ભારત છોડશે નહીં

h. જ્યારે ઋણધારક NRI બને છે તો તે પ્રસંગે તે/તેણી નિયમો, નિયમનો, દિશાનિર્દેશો અને આ રીતે નિર્ધારિત કરાયેલા લાગુ પડતાં નિયમનકારી/ વૈધાનિક સત્તામંડળના નિયમો મુજબ લોન સુવિધાની પુનઃચુકવણી કરવા માટે સંમત થાય છે.

i. જ્યાં સુધી તમામ બાકી નિકળતી રકમ ઋણધારક દ્વારા સંતોષકારક રીતે ચુકવવામાં ન આવે (જો ઋણધારક HUF અથવા સોસાયટી હોય) ત્યારે, તે બંધારણ, સંચાલકમંડળ અથવા પ્રવર્તમાન માલિકી અથવા ઋણધારકના નિયંત્રણમાં કોઇ ફેરફાર કરશે નહીં.

j. ઋણધારક વધુમાં ધીરાણકર્તા સાથે કરાર કરે છે ઋણધારક નિર્ધારિત કરવામાં આવ્યાં છે તે સિવાયના હેતુ માટે લોન સુવિધાનો ઉપયોગ કરશે નહીં.

**7. નાદારીના પ્રસંગો**

જો આ ખંડ/લેખ (હવે પછી જેનો ઉલ્લેખ **"નાદારીના પ્રસંગો"** તરીકે કરવામાં આવ્યો છે)માં નિર્દિષ્ટ કરવામાં આવેલા કોઇ એક અથવા વધારે પ્રસંગો સર્જાય ત્યારે ધીરાણકર્તા ઋણધારકને લેખિત નોટિસ આપીનેઃ

(a) ઋણધારક અને ધીરાણકર્તા વચ્ચે અસ્તિત્વ ધરાવતી આ સમજૂતી અને/અથવા કોઇ અન્ય સમજૂતીઓ, દસ્તાવેજોના સંદર્ભમાં અથવા તે અંતર્ગત તાત્કાલિક રીતે ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર લોન સુવિધા/ લોન ઉપર મૂડી અને ઉપાર્જિત થયેલા વ્યાજ સહિત સમગ્ર લોન પરત માગી શકે છે અને તેને ચુકવવાની બાકી રકમ તરીકે જાહેર કરી શકે છે. આવી રીતે જાહેર કરવા પર, તે તરત જ ચુકવવાની બાકી અને ચુકવવાપાત્ર બનશે અને આ સમજૂતી અથવા કોઇ અન્ય સમજૂતી(ઓ) અથવા દસ્તાવેજ(જો)માં કરવામાં આવેલી કોઇપણ જોગવાઇને ધ્યાનમાં લીધા વગર તમામ લોનોના સંદર્ભમાં જામીન તરત જ અમલી કરવા પાત્ર બનશે.

(b) લોન સુવિધા રદ કરવી, જ્યા પછી લોનનો કોઇ વધુ ઉપયોગ કરી શકાશે નહીં અને લોનની બાકી રકમનું વધુ વિતરણ અટકાવવામાં આવશે, જો હોય તો, અને/અથવા;

(c) આ સમજૂતી અથવા અન્ય કોઇ લોન સુવિધા દસ્તાવેજોમાં સમાવેશ કોઇ કરાર, શરત અથવા બોલીઓનું ચોક્કસ અમલીકરણ કરવા માટે સમન્યાયી અથવા કાયદાની કાર્યવાહી દ્વારા અથવા બન્ને અથવા અન્યથા (રિસિવરની નિમણૂંક સહિત) અથવા આ સમજૂતીના નિયમો અને શરતોના ઉલ્લંઘન વિરુદ્ધ મનાઇ હુકમ માટે અથવા આ સમજૂતી અથવા કોઇ અન્ય લોન સુવિધા દસ્તાવેજોમાં આપવામાં આવેલી સત્તા અને અધિકારોનો અમલ કરવામાં સહાયરૂપ દાવો કરીને તે સહિત કાયદા દ્વારા તેને પરવાનગી હોય તેવી કોઇ અધિકાર, સત્તા અથવા ઉપાયોનો અમલ કરશે.

અહીં નીચે આપેલા પ્રસંગો અથવા સંજોગોનું સર્જન “નાદારીના પ્રસંગો” ગણવામાં આવશેઃ

a. જો આ સમજૂતી અને/અથવા અત્રેના ઋણધારક અને ધીરાણકર્તા વચ્ચે અસ્તિત્વ ધરાવતાં અથવા અમલમાં લાવવામાં આવી હોય તેવી કોઇ અન્ય સમજૂતી(ઓ)/ દસ્તાવેજ(જો)ની શરતો ચુકવણીની અંતિમ તારીખે ધીરાણકર્તાને ચુકવવાપાત્ર બનેલા વ્યાજ અને/અથવા EMI અથવા તેના કોઇ ભાગની ચુકવણીમાં અને/અથવા કોઇ અન્ય રકમ ચુકવવાપાત્ર રકમની ચુકવણીમાં કોઇ કસૂર સર્જાયો હોય.

b. જો આ સમજૂતી અથવા લોન સુવિધા અથવા કોઇ અન્ય લોનના સંદર્ભમાં ઋણધારક અને ધીરાણકર્તા વચ્ચે થયેલી કોઇ અન્ય સમજૂતી(ઓ) અંતર્ગત ઋણધારકના પક્ષે કોઇ અન્ય કરારો, બાંહેધરીઓ, શરતો અથવા સમજૂતીઓનું અનુપાલન કરવામાં કસૂર કરવામાં આવ્યો હોય અથવા જ્યારે લોન સુવિધાના કોઇપણ દસ્તાવેજો અથવા આ સમજૂતીમાં અથવા કોઇ નોટિસમાં અથવા અન્ય દસ્તાવેજ, પ્રમાણપત્ર અથવા આ સમજૂતીના અનુસંધાનમાં અથવા તેના સંબંધમાં અથવા મૌખિક રીતે કરવામાં આવેલા નિવેદન ખોટું અથવા ગેરમાર્ગે દોરનારું સાબિત થાય છે.

c. જો લોન સુવિધા માટે અરજીમાં અથવા અન્યથા ધીરાણકર્તાને ઋણધારક દ્વારા પૂરી પાડવામાં આવેલી કોઇ માહિતી કોઇ વસ્તુલક્ષી સંદર્ભમાં ગેરમાર્ગે દોરનારી અથવા ખોટી હોય અથવા ખંડ 5માં ઉલ્લેખ કરવામાં આવેલી કોઇ રજૂઆતો અથવા બાંહેધરી ખોટી હોવાનું મળી આવે.

d. ઋણધારક કોઇ વ્યવસ્થામાં પ્રવેશી રહ્યો હોય અથવા લેણદાર સાથે રચના કરી રહ્યો હોય અથવા કોઇ એવું કૃત્ય કરી રહ્યો હોય જે ઋણધારકની, જો તે વ્યક્તિ/ ભાગીદારી પેઢી/ HUF હોય તો દેવાદાર/નાદારીમાં પરિણમે અને જો તે કંપની હોય તો તેનું વિર્સજનનો આદેશ આપવામાં આવે છે.

e. જો ઋણધારક ધીરાણકર્તા દ્વારા નિયત કરવામાં આવી શકે તેવા સમયગાળાની અંદર ધીરાણકર્તા દ્વારા જરૂરી હોય તેવી કોઇ માહિતી અથવા દસ્તાવેજો પૂરા પાડવામાં નિષ્ફળ રહે છે.

f. જો ઋણધારક નાદારીના કોઇ પ્રસંગ અથવા સંભવિત નાદારીના કોઇ પ્રસંગ ઉદ્ભવવા અંગે ધીરાણકર્તાને જાણ કરવામાં નિષ્ફળ રહે છે.

g. જો કોઇ માસિક ચુકવણીના સંદર્ભમાં જે-તે કિસ્સા અનુસાર ચેક/ ECS/NACH/અન્ય કોઇ લેખ પૂરો પાડવામાં આવ્યો હોય તે તેની તારીખે ચુકવવામાં ન આવે અથવા જ્યારે આવો ચેક તેની ચુકવણીની તારીખ પહેલા રિન્યૂ કરવામાં આવે અથવા જો EMI સહિત પરંતુ તેટલા પૂરતું મર્યાદિત ન હોય તેવી ચુકવણીના સંદર્ભમાં ચેકનો અનાદર કરવામાં આવે.

h. જો લોન સુવિધા માટે કોઇ જામીન નિરર્થક બને અથવા ઋણધારક અથવા અન્ય વ્યક્તિ દ્વારા પડકારવામાં આવે.

i. જ્યારે ઋણધારક અથવા જ્યારે લોન સુવિધા એક કરતાં વધારે ઋણધારકને પૂરી પાડવામાં આવી હોય ત્યારે (જ્યારે ઋણધારક વ્યક્તિ હોય તે કિસ્સામાં) તે છૂટાછેડા લે છે અથવા મૃત્યુ પામે છે અને અન્ય જીવિત રહે ત્યારે ઋણધારક એકમાત્ર ધીરાણકર્તાના અભિપ્રાય મુજબ લોનની ભરપાઇ કરવા માટે અસક્ષમ છે.

j. જ્યારે ઋણધારક દ્વારા ધીરાણકર્તાને કોઇ ચુકવણી કરવામાં આવી હોય ત્યારે જો ઋણધારક દ્વારા ધીરાણકર્તાને કોઇ ચુકવણીની અંતિમ તારીખે ચુકવવાપાત્ર રકમના સંદર્ભમાં ઋણધારક દ્વારા કરવા માટે જરૂરી હોય તેવી ચુકવણી ઓછી પડે છે.

k. જો ઋણધારક ધીરાણકર્તા, તેની ગૌણ કંપનીઓ, આનુષાંગિક કંપનીઓ અથવા કોઇ વ્યક્તિ, કંપની, નાણાકીય સંસ્થા/ ગેર-બેન્કિંગ નાણાકીય કંપની અને/અથવા અન્ય લેણદારોને કોઇ ઋણ લોન સમજૂતી, દેવાદારી અથવા ઋણધારક દ્વારા ધીરાણકર્તા સાથે દાખલ થયેલી કોઇ વ્યવસ્થામાં કોઇ કસૂર આચરે છે.

l. અન્ય પ્રસંગ અથવા સંજોગો, જે લોન સુવિધાની પુનઃચુકવણી કરવા માટે ઋણધારક અથવા જામીન પ્રદાતા અને/અથવા બાંહેધરીકર્તાની નાણાકીય ક્ષમતા અથવા કોઇ અન્ય પ્રકારની ક્ષમતામાં કોઇ ફેરફાર/અવરોધ સહિત પરંતુ તેટલા પૂરતું મર્યાદિત ન હોય તેવી રીતે વસ્તુલક્ષી વિપરિત પ્રભાવ ધરાવે અથવા ધરાવવાની સંભાવના ધરાવે અથવા કોઇ પ્રસંગ અથવા સંજોગ, જે ઋણધારક અથવા જામીન પ્રદાતા અને/અથવા બાંહેધરીકર્તાની આ સમજૂતી અને/અથવા જામીન દસ્તાવેજો અંતર્ગત તેમની સંબંધિત જવાબદારીઓ અદા કરવામાં વસ્તુલક્ષી વિપરિત પ્રભાવ ધરાવતાં હોય.

m. જો ધીરાણકર્તાને આશંકા હોય અથવા માનવાને કારણ હોય કે ઋણધારક ઉધાર લેવામાં આવેલી રકમ અથવા તેના કોઇ ભાગનું લોન સુવિધા મંજૂર કરવામાં આવી હોય તેમાં નિર્ધારિત કરેલા હેતુઓ સિવાયના હેતુઓ માટે ઉપયોગ કરી રહ્યો છે.

n. ઋણધારક અને/અથવા બાંહેધરીકર્તા દ્વારા કરાયેલી કોઇ રજૂઆત અથવા બાંહેધરી ગેરમાર્ગે દોરનારી, અસત્ય અથવા ખોટી હોય.

o. ઋણધારકની/ જામીન તરીકે પૂરી પડાયેલી જામીનકર્તાની મિલકતો અને/અથવા ધીરાણકર્તાને વધારાની જામીન સામે કોઇ સક્ષમ ન્યાયિક અને/અથવા અર્ધ-ન્યાયિક સત્તામંડળ દ્વારા કોઇ આદેશના અમલમાં અથવા ચૂકાદા અંતર્ગત જપ્તીની કાર્યવાહી ઇશ્યુ કરવામાં આવી હોય.

p. ઋણધારક દ્વારા મેળવવામાં આવેલી લોન અને/અથવા દેવાદારીના સંદર્ભમાં સમયાંતરે સુધારવામાં આવ્યાં હોય તેવા નેગોશિયલ ઇન્સ્ટ્રુમેન્ટ અધિનિયમ, 1881 અને/અથવા ચુકવણી અને પતાવટ વ્યવસ્થા અધિનિયમ, 2007ની કલમ 25ના અનુસંધાનમાં ઋણધારકની વિરુદ્ધ કોઇ આદેશ પસાર કરવામાં આવ્યો હોય અથવા ઋણધારક દ્વારા મેળવવામાં આવેલી કોઇ લોનના સંદર્ભમાં કોઇ જામીનનો અમલ કરવા માટે ઋણધારકની વિરુદ્ધ કોઇ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય અથવા ઋણધારક દ્વારા મેળવવામાં આવેલી કોઇ અન્ય લોનના સંદર્ભમાં કોઇ ચુકવણીમાં ઋણધારકે નાદારી નોંધાવી હોય અથવા જો ઋણધારક ચુકવવાપાત્ર બનેલા તેમના દેવાની ચુકવણી કરવામાં અસક્ષમ બને છે અથવા ઋણધારક નાદારીનુ કોઇ કૃત્ય આચરે છે.

q. પરસ્પર નાદારીનો પ્રસંગ (હવે પછી વ્યાખ્યાયિત કર્યા મુજબ) ઉદ્ભવવો એટલે કે જ્યારે ઋણધારક અને/અથવા જામીનકર્તા ધીરાણકર્તા અથવા તેની સમૂહ કંપનીઓ અથવા ગૌણ કંપનીઓ અથવા સહાયક કંપનીઓ અથવા કોઇ બેન્ક/ નાણાકીય સંસ્થાઓ/ ગેર-બેન્કિંગ નાણાકીય કંપની / હાઉસિંગ ફાઇનાન્સ કંપની અને ધીરાણકર્તા અથવા તેની ગૌણ કંપનીઓ અથવા સહાયક કંપનીઓ સાથે કોઇ ધીરાણ સમજૂતી અથવા ધીરાણકર્તા સાથે કરેલી વ્યવસ્થાના સંદર્ભમાં અથવા કોઇ અન્ય ધીરાણકર્તા/લેણદારો સાથે કરવામાં આવેલા કોઇ લોન એકાઉન્ટ નંબર અથવા વ્યવસ્થા અંતર્ગત કોઇ સમજૂતી અથવા ધીરાણ સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં કસૂર કરે છે.

r. પરસ્પર નાદારી એટલે જો નીચે ઉલ્લેખ કરેલા પૈકી કોઇપણ એક પ્રસંગ ઉદભવે (**“પરસ્પર નાદારી”):**

i. નાદારીના પ્રસંગના પરિણામે ઋણધારકના કોઇ દેવા માટે કોઇ વચન ધીરાણકર્તા દ્વારા રદ કરવામાં આવે અથવા મોકૂફ કરવામાં આવે; અથવા

ii. નાદારીના પ્રસંગના પરિણામ સ્વરૂપે તેની નિર્ધારિત કરવામાં આવેલી પરિપક્વતા પહેલા ઋણધારકનો કોઇ લેણદાર કોઇ બાકી દેવા અથવા ચુકવવાપાત્ર રકમને નાદારીની રકમ તરીકે જાહેર કરવાનો અધિકાર ધરાવે (ભલે ગમે તે રીતે વર્ણવેલી હોય); અથવા

iii. કોઇ અન્ય દેવા સુરક્ષિત કરવા માટે ઋણધારકની કોઇ અસ્કયામતો ઉપર કોઇ બોજો અમલ થવા પાત્ર બને છે.

**8. પૂર્વ-કબજો:** ઋણધારક સંમત થાય છે કે, ઉપર ઉલ્લેખ કર્યા મુજબ નાદારીની કોઈપણ ઘટના થવા પર, ઋણદાતાને નીચે દર્શાવેલી પ્રક્રિયાઓને અનુસરીને લાગુ કાયદા અનુસાર સિક્યોરિટીનો કબજો લેવાનો અધિકાર રહેશે

a. <u>કબજો મેળવતા પહેલાં નોટિસનો સમયગાળો:</u> ધિરાણકર્તાએ ઋણ લેનારને સિક્યોરિટીનો કબજો લેતા પહેલાં ઓછામાં ઓછા 15 (પંદર) દિવસના નોટિસ સમયગાળા સાથે કબજો લેવાના ઇરાદાનો ઉલ્લેખ કરતી લેખિત નોટિસ આપવાની રહેશે.

b. <u>નોટિસ સમયગાળાની મુક્તિ:</u> ઋણ લેનાર સ્વીકારે છે કે છેતરપિંડી, ઇરાદાપૂર્વક હકીકતો છુપાવવી અથવા સિક્યોરિટીને તાત્કાલિક જોખમ હોવા જેવા ચોક્કસ સંજોગોમાં, ધિરાણકર્તા નોટિસ સમયગાળાની જરૂરિયાતને મુક્ત કરી શકે છે અને ઉપરોક્ત સંજોગોથી વાકેફ થતાની સાથે જ સિક્યોરિટીનો પૂર્વ-કબજો લેશે.

c. <u>કબજો મેળવવા માટેની પ્રક્રિયા:</u> નોટિસ સમયગાળો પૂરો થયા પછી અથવા ઉપરોક્ત નોટિસ સમયગાળામાંથી મુક્તિના કિસ્સામાં, જે-તે સ્થિતિ અનુસાર, ધિરાણકર્તા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 અનુસાર કબજો લેશે. ધિરાણકર્તા ઋણ લેનારને સિક્યોરિટીમાંથી તેનો/તેણીનો અંગત સામાન પાછો મેળવવા માટે વાજબી સમય આપશે.

d. <u>પરત ચુકવણીની અંતિમ તક:</u> પૂર્વ-કબજે કરેલી સિક્યોરિટીના વેચાણ અથવા હરાજી પહેલાં, ઋણધારકને ધિરાણકર્તા દ્વારા નિર્ધારિત સમયગાળામાં બાકી નીકળતા લેણાંની સંપૂર્ણ પરત ચુકવણી કરવાની

અંતિમ તક આપવામાં આવશે.

e. <u>પુનઃકબજો મેળવવાની પ્રક્રિયા:</u> જો ઋણધારક દ્વારા સિક્યોરિટીના વેચાણ/હરાજી પહેલાં બાકી નીકળતા તમામ નાણાંની ચુકવણી કરવામાં આવે, તો તેવી સ્થિતિમાં ધિરાણકર્તાની વસૂલાત નીતિ અને પ્રક્રિયાઓ અનુસાર ધિરાણકર્તા આવી ચુકવણીના 30 (ત્રીસ) દિવસની અંદર કબજો પાછો સોંપશે.

f. <u>સિક્યોરિટીના વેચાણ/હરાજી માટેની પ્રક્રિયા:</u> ઉપર જણાવેલા સમયગાળામાં બાકી નીકળતી લેણાંની રકમ ન ચુકવી શકવાના કિસ્સામાં, ધિરાણકર્તા સિક્યોરિટીના વેચાણ અથવા હરાજી માટે આગળની પ્રક્રિયા કરશે. ઋણ લેનાર સમજે છે કે ધિરાણકર્તા પૂર્વ-કબજો કરેલી સિક્યોરિટીનું વેચાણ અથવા હરાજી ધિરાણકર્તાની વસૂલાત નીતિ અને લાગુ કાયદાઓ અનુસાર કરશે જેમાં જાહેર સૂચનાઓ મોકલવી, સિક્યોરિટીનું મૂલ્યાંકન કરવું અને પારદર્શક હરાજી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે પરંતુ એટલા પૂરતું મર્યાદિત નથી.

g. એક વખતની પતાવટ: ઋણ લેનાર, જો લાયક હોય તો, ધિરાણકર્તાની વસૂલાત નીતિ અનુસાર એક વખતની પતાવટ માટે પણ અરજી કરી શકે છે.

**9. દેવાનો પુરાવો**

a. ઋણધારક આથી ધીરાણકર્તાના એકાઉન્ટ, પ્રાપ્તિઓ અને જામીનની વસૂલાતને પ્રાપ્ત થયેલી રકમો અને સંબંધિત ખર્ચાઓ તરીકે પૂરતા પુરાવા તરીકે સ્વીકારવા માટે સંમત થાય છે.

b. આ સમજૂતી અથવા કોઇ લોન સુવિધા દસ્તાવેજોમાંથી ઉદ્ભવતા અથવા તેની સાથે સંબંધ ધરાવતાં કોઇપણ કાનૂની પગલાં અથવા કાર્યવાહીમાં, આ ખંડ 8ના અનુસંધાનમાં ધીરાણકર્તા દ્વારા જાળવવામાં આવતાં એકાઉન્ટમાં કરવામાં આવેલી એન્ટ્રીઓ તેના અસ્તિત્વનો પ્રથમ દર્શનીય પુરાવો બનશે અને તેમાં નોંધવામાં આવેલા અને પ્રાપ્ત થયેલી, વસૂલ કરાયેલી અને ખર્ચ કરાયેલી રકમના સંબંધમાં ઋણધારકની જવાબદારીઓ ગણાશે.

**c.** આ ખંડ 8માં કરવામાં આવેલી જોગવાઇઓને વિપરિત અસર થયા વગર, ઋણધારક કોઇ સ્ટેટમેન્ટ અથવા તેના કોઇ ભાગ અથવા તેની સાથે સંબંધિત કોઇ બાબત સામે સવાલ ઉઠાવવા માગે છે તો ઋણધારક તેને પ્રાપ્ત થયેલા સ્ટેટમેન્ટની પ્રાપ્તિની તારીખથી મહત્તમ 15 (પંદર) દિવસની અંદર તેમાં આવેલી સંપૂર્ણ વિગતો સાથે ધીરાણકર્તાને જાણ કરશે અને કોઇપણ સંજોગો હેઠળ ત્યારબાદ કોઇપણ સમયે આમ કરી શકાશે નહીં.

**10. વીમો અને જાળવણી**

a. ઋણધારક અને/અથવા જામીન પ્રદાતા(ઓ) ધીરાણકર્તાને સંપૂર્ણ સંતોષકારક રીતે ધીરાણકર્તા દ્વારા મંજૂર કરવામાં આવેલી સમગ્ર લોન સુવિધાની પુનઃચુકવણી કરવામાં આવે નહીં ત્યા સુધી સમગ્ર સમયગાળા માટે ધીરાણકર્તા જરૂરી ગણે તેવા મૂલ્ય માટે તેના/ તેણીના/ તેના પોતાની કિંમતે અને જોખમે ધીરાણકર્તાને તેના એકમાત્ર લાભાર્થી બનાવીને આગ, ભૂકંપ, પૂર, વાવાઝોડું, વંટોળ અથવા ચક્રવાત અને અન્ય આપદાઓ અને વધુમાં ધીરાણકર્તા જરૂરી ગણે તેવી અન્ય આપદાઓ/ ઘટનાઓ સામે ગીરો/ મિલકતને વીમાકૃત રાખશે અને દર વર્ષની જાન્યુઆરીની 10મી તારીખ પહેલાં અને જ્યારે પણ આમ કરવા માટે જણાવવામાં આવે ત્યારે ઋણધારક ધીરાણકર્તાને આવા વીમાનો પુરાવો આપશે. ઋણધારક વધુમાં દરેક રિન્યૂઅલ/ નવી પોલિસીના 15 (પંદર) દિવસોની અંદર ઇન્સ્યોરન્સ કવર અને પોલિસીની નકલ મોકલશે.

b. ઋણધારક પોતાની કિંમતે અને ખર્ચે ધીરાણકર્તા દ્વારા નિયત કરવામાં આવે તેવા તમામ સર્વસમાવેશી જોખમો વિરુદ્ધ તમામ જામીનને વીમાકૃત રાખશે અને આવા વીમાના સંબંધમાં તમામ પ્રિમિયમની નિયમિતપણે ચુકવણી કરશે. આવી વીમા પોલિસીઓના સંબંધમાં ધીરાણકર્તાને 'નુકસાનના સંબંધમાં ચુકવણી મેળવનાર' તરીકે ચિહ્નિત કરવામાં આવશે.

**11. ક્ષતિપૂર્તી**

ઋણધારકને લોન આપવાથી અથવા ઋણધારકને તે અંતર્ગત કોઇ સેવા આપવાથી સર્જાઇ શકે અથવા પરિણમી શકે તેવા કોઇપણ અને તમામ નુકસાન, હાની અથવા અન્ય પરિણામો પ્રત્યે અને તેની વિરુદ્ધ ઋણધારક ધીરાણકર્તાને ક્ષતિપૂર્તી કરશે અને હાનીરહિત ગણશે અને તેના કારણે અથવા લીધે ધીરાણકર્તાને કરવા પડેલા, સહન કરેલા અથવા થયેલા હોય તેવી કોઇ ચૂકવણી, નુકસાન અથવા હાની માટે માંગણી થવા પર ધીરાણકર્તાને વળતર આપશે અને તે સંબંધમાં બેન્ક વિરુદ્ધ કરવામાં આવી હોય તેવી કોઇ કાર્યવાહીમાં ઋણધારક પોતાની કિંમતે અને ખર્ચે વિનંતી થવા પર હાજર થશે અને બચાવ કરશે.

ઋણધારક વધુમાં ગીરો મિલકતમાં ખામીના કારણે અથવા તે પૈકીની કોઇ ગીરો મિલકતમાં ખામી હોવાના કારણોસર ધીરાણકર્તાને થયેલા અથવા તેને સહન કરેલા તમામ દાવાઓ, નુકસાનો, માગણીઓ, કાર્યવાહીઓ, કિંમતો, ખર્ચાઓ અથવા જવાબદારીઓથી અને તેની વિરુદ્ધ અને તેમાંથી કોઇપણ અથવા તમામ અધિગ્રહણ, વાદ, ન્યાયિક/ગેર-ન્યાયિક કાર્યવાહીઓ, પૂર્વાધિકાર, દાવાઓ વગેરેના બોજાઓથી મુક્ત નહીં હોવાના કારણે ધીરાણકર્તા દ્વારા સહન કરેલી જવાબદારીઓમાંથી અને તેની વિરુદ્ધ ધીરાણકર્તાને ક્ષતિપૂર્તી કરવા અને હાનીરહિત ગણવા સંમત થાય છે.

ઋણધારક ખાતરી આપે છે કે ગીરો મિલકતના સંબંધમાં પાછળની તારીખે તેના હકો અથવા માલિકી વિરુદ્ધ કોઇ વિસંગતતા/ ખામી/ દાવો મળી આવે તો તે પ્રસંગે તે ઋણધારક ખાતરી આપે છે કે ધીરાણકર્તા ખોટી રજૂઆત અને ક્ષતિપૂર્તી પર સોંગદ લેવા અને વિશ્વાસના ભંગ બદલ કાનૂની કાર્યવાહી હાથ ધરવાની સ્વતંત્રતા ધરાવશે.

**12. સમજૂતીનો અંત**

આ સમજૂતી ધીરાણકર્તાને સંપૂર્ણ સંતોષકારક રીતે ઋણધારક અને/અથવા જામીન પ્રદાતા દ્વારા તમામ બાકી નિકળતી રકમોની પુનઃચુકવણી કરવામાં ન આવે અને તમામ જવાબદારીઓ પૂરી કરવામાં, સંતુષ્ટ કરવામાં અને અદા ન કરવામાં આવે ત્યાં સુધી ચાલુ રહેશે અને સંપૂર્ણપણે પ્રભાવી રહેશે.

**13. પરચુરણ જોગવાઇ**

a. ગેર-વ્યવસાય દિવસો

જો કોઇ ચુકવણી જે ધીરાણકર્તાને તેવા દિવસે ચુકવવાપાત્ર બને જે વ્યવસાય દિવસ ન હોય તો તે અગાઉના વ્યવસાય દિવસે બાકી અને ચુકવવાપાત્ર બનશે.

b. સેટ-ઓફ અને પૂર્વાધિકાર

આ સમજૂતી દ્વારા ધીરાણકર્તાને આપવામાં અધિકારો, સત્તાઓ અને ઉપાયો કોઇ અન્ય જામીન, વિધાન અથવા કાયદાના નિયમોની સત્તાની રૂએ ધીરાણકર્તાને આપવામાં આવેલા તમામ અધિકારો, સત્તાઓ અને ઉપાયોથી ઉપરાંત રહેશે. ધીરાણકર્તા તેના લીયન અથવા ધીરાણકર્તા પ્રત્યે ઋણધારકની કોઇ જવાબદારીના સંદર્ભમાં સેટ-ઓફનો અધિકાર તે રીતે જ અમલ કરાવી શકે છે જાણે કે જવાબદારી બિનસુરક્ષિત હતી અને ભલે સલામત રીતે રાખવા અથવા અન્ય રીતે ધીરાણકર્તાના કબજામાં અથવા કસ્ટડીમાં રહેલી ઋણધારકની તમામ જામીનો ઉપર પૂર્વાધિકાર ધરાવશે. આ જોગવાઇ આ સમજૂતીના અંત બાદ પણ અમલમાં રહેશે.

c. જામીનગીરી/ સોંપણી/ સહ-ધીરાણ

**ઋણધારક અત્રે આપેલા તેના અધિકારો અથવા જવાબદારીઓનું હસ્તાંતર કરશે નહીં. ધીરાણકર્તા કોઇપણ સમયે અને સમયાંતરે ઋણધારક અને/અથવા જામીનકર્તાની સંમતિ વગર અથવા તેમને કોઇ પૂર્વ સૂચના આપ્યાં વગર અત્રે આપેલા તમામ અથવા કોઇપણ તેમના અધિકારો અને/અથવા જવાબદારીઓ, આ સમજૂતીના અનુસંધાનમાં અમલમાં મુકેલા કોઇ દસ્તાવેજોની સોંપણી, વેચાણ, જામીનકૃત, પરવાનો, હસ્તાંતર અથવા અન્ય બેન્ક (બેન્કો)/ નાણાકીય સંસ્થાઓ સાથે સહ-ધીરાણ વ્યવસ્થામાં દાખલ થઇ શકે છે અને ઋણધારક કોઇ ત્રીજા પક્ષકારની તરફેણમાં આવી જામીનમાં કોઇ બોજો, મોર્ગેજ અથવા કોઇ અન્ય હિતના સર્જન કરવા માટે ધીરાણકર્તા સામે કોઇ વાંધો ધરાવશે નહીં. પક્ષકારો આથી સંમત થાય છે કે ધીરાણકર્તા આ સમજૂતી અમલમાં આવ્યાં બાદ કોઇપણ સમયે સંમત થયેલા પ્રમાણમાં એક અથવા વધુ બેન્ક (બેન્કો)/ નાણાકીય સંસ્થાઓ સાથે સહ-ધિરાણ વ્યવસ્થામાં પ્રવેશી શકે છે, જે સહ-ધિરાણ સમજૂતીઓ અંતર્ગત કરવામાં આવેલા પ્રમાણમાં હશે.**

**ગ્રાહકનું લોન એકાઉન્ટ મહત્તમ 80% અથવા અન્ય નિર્ધારિત ગુણોત્તર સહ-ધિરાણ ભાગીદારોને સોંપવામાં આવી શકે છે. આથી જાણ કરવામાં આવે છે કે ક્રેડિટ રેટિંગ એજન્સીઓ સાથે સંમત થયેલા યોગ્ય ગુણોત્તર મુજબ ક્રેડિટ સ્કોર સહ-ધિરાણ ભાગીદારો અથવા ધિરાણકર્તા દ્વારા જાળવવામાં આવશે અને અપડેટ કરવામાં આવશે. ધિરાણકર્તા ગ્રાહકના KYC અને અન્ય દસ્તાવેજો સહ-ધિરાણ ભાગીદારો સાથે શેર કરશે.**

**સહ-ધિરાણ ભાગીદારો ગ્રાહક સાથે સીધો સંવાદ પણ કરી શકે છે. ગ્રાહક ધિરાણ દર સહ-ધિરાણ ભાગીદારો સંમત દર અથવા અન્ય નિર્ધારિત દર સાથે જોડાયેલ હોઈ શકે છે. ધિરાણકર્તા દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ ગ્રાહક સહ-ધિરાણ માટે સંમત થયા છે.**

d. ઉપાયો અને અધિકાર ત્યાગ

**આ સમજૂતી અથવા કોઇ અન્ય સમજૂતી અથવા દસ્તાવેજ અંદર્ગત કસૂર થવા પર ધીરાણકર્તાને પ્રાપ્ત થતાં કોઇ અધિકાર, સત્તા અથવા ઉપાયનો અમલ કરવામાં અથવા અમલમાં કસૂર કરવામાં કોઇ વિલંબ કોઇ આવા અધિકાર, સત્તા અથવા ઉપાયને વિપરિત અસર કરશે નહીં અથવા તેનો ત્યાગ કરવામાં આવ્યો હોવાનું અથવા આવી કસૂરમાં કોઇ સંમતિ આપી હોવાનું ગણાશે નહીં અથવા કોઇ કસૂરના સંદર્ભમાં અથવા કોઇ કસૂરમાં તેની કોઇ સંમતિ પ્રત્યે કોઇ કાર્ય અથવા કાર્યલોપ કોઇ અન્ય કસૂરના સંદર્ભમાં ધીરાણકર્તાના કોઇ અધિકાર, સત્તા અથવા ઉપાયને અસર અથવા વિપરિત અસર કરશે નહીં.**

e. સમગ્ર સમજૂતી

**એકરાર કરનારા પક્ષકારો વચ્ચે લેખિતમાં અન્યથા નિર્દિષ્ટ/ સંમત થવામાં ન આવે ત્યાં સુધી, આ સુવિધા સમજૂતી અથવા આ સમજૂતીના પત્રકો અથવા અનુસૂચિ(ઓ), અહીં ઉલ્લેખ કરાયેલા તમામ નિયમો અને શરતોને એકીકૃત કરશે અને તે અહીં આપેલી વિષયવસ્તુના સંદર્ભમાં મંજૂરી પત્રની જોગવાઇઓ સિવાય તમામ મૌખિક વાતાઘાટો અથવા પૂર્વલખાણોને ઉપરવટ રહેશે, જે વધારાનું અને પૂરક છે અને સમાન નથી અથવા આ લોન સુવિધા સમજૂતીના નિયમોથી વિપરિત છે.**

f. વિભાજનક્ષમતા

આ સમજૂતીની કોઇપણ અમાન્ય અથવા બિન-અમલપાત્ર જોગવાઇ તેવી જોગવાઇથી બદલવામાં આવશે જે માન્ય અને અમલપાત્ર હોય અને બિન-અમલપાત્ર જોગવાઇના મૂળ ઇરાદાને સૌથી નજીકથી વ્યક્ત કરતી હોય.

g. સ્વતંત્ર અધિકારો

આ સમજૂતી અંતર્ગત પક્ષકારોના દરેક અધિકારો સ્વતંત્ર, એકંદર અને તેમને ઉપલબ્ધ હોય તેવા અન્ય તમામ અધિકારોને વિપરિત અસર ન કરે તેવા છે અને કોઇ આવા અધિકારોનો અમલ કરવો અથવા ન કરવો પક્ષકારના કોઇ અન્ય અધિકારને વિપરિત અસર કરશે નહીં અથવા તેનો ત્યાગ કર્યો હોવાનું અનુમાન કરશે નહીં, ભલે તે આ સમજૂતી અંતર્ગત હોય કે ન હોય.

h. સમય

આ સમજૂતી અંતર્ગત સમય ઋણધારક દ્વારા લોન સુવિધાની પુનઃચુકવણીના સંદર્ભમાં કરારનું હાર્દ રહેશે.

i. ફેરફાર

આ સમજૂતી અથવા અહીં આપેલા પત્રકો અને અનુસૂચિમાં કોઇ ફેરફાર અસરકારક રહેશે નહીં સિવાય કે તેને લેખિતમાં કરવામાં ન આવે અને આ સમજૂતીના દરેક પક્ષકારોના યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવેલા પ્રતિનિધીઓ વતિ હસ્તાક્ષર કરવામાં ન આવે.

j. માહિતીનો ખુલાસો

ઋણધારક સાથે સંબંધિત માહિતીનો ખુલાસો કરવાના ધીરાણકર્તાના અધિકારોને વિપરિત અસર પહોંચાડ્યાં વગર, ભલે તે સામાન્ય કાયદાઓ અને/અથવા લાગુ પડતાં કાયદાઓ હેઠળ હોય, ઋણધારક આથી ઋણધારકના સંબંધમાં તમામ અથવા કોઇપણ માહિતી અને ડેટા અને/અથવા ઋણધારક દ્વારા મેળવવામાં આવેલી/ મેળવવામાં આવનાર લોન સુવિધાના સંબંધમાં ઋણધારક દ્વારા ધારણ કરેલી/ ધારણ કરવામાં આવનારી જવાબદારીઓનું ધીરાણકર્તા દ્વારા આવી માહિતીના ઉજાગર માટે ચોક્કસ રીતે તેના નોટિસ, ગોપનીયતા, અંગત બદનક્ષીના અધિકારનો ત્યાગ કરીને ધીરાણકર્તા દ્વારા માહિતી ઉજાગર કરવામાં આવે તે પ્રત્યે સંમત થાય છે અને સંમતિ આપે છે, જે ધીરાણકર્તા પોતે યોગ્ય અને આવશ્યક ગણે તે રીતે નીચે આપેલા વ્યક્તિઓને જાહેર કરી શકે છે અને પૂરી પાડી શકે છેઃ

i ધીરાણકર્તાના એજન્ટ, કોન્ટ્રાક્ટર અથવા ત્રાહિત પક્ષકાર સેવા પ્રદાતાઓ અથવા વ્યાવસાયિક સલાહકારો જે જે-તે કિસ્સા અનુસાર ધીરાણકર્તા પ્રત્યે ગોપનીયતાની ફરજ હેઠળ હોઇ શકે છે;

ii કોઇ ડેટાબેઝ અથવા ડેટા પ્રોસેસિંગના હેતુઓ માટે અથવા કોઇપણ પ્રકારના કોઇ અન્ય હેતુઓ માટે ભારતમાં અથવા વિદેશમાં ધીરાણકર્તાનુ મુખ્ય કાર્યાલય, શાખાઓ, પ્રતિનિધિત્વ કરતાં કાર્યાલયો, ગૌણ શાખાઓ, સંલગ્ન કોર્પોરેશન અથવા તેની સાથે જોડાયેલી શાખાઓ (સામૂહિક રીતે **"સંબંધિત પક્ષકારો"** અને એકલ રીતે **"સંબંધિત પક્ષકાર" )**

iii. RBI અથવા ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યૂરો (ભારત) લિમિટેડ **("CIBIL")** અને/અથવા કોઇ નિયમનકારી, નિરીક્ષક અન્ય સત્તામંડળ, ભારતમાં અથવા કોઇ અન્ય કાર્યક્ષેત્ર ધરાવતી કાયદાની અદાલત, ન્યાયપંચ અથવા વ્યક્તિ, જ્યારે આવી રીતે માહિતી જાહેર કરવી કાયદા, નિયમન, ન્યાયિક ચૂકાદા અથવા અદાલતના આદેશ અથવા કોઇ ન્યાયપંચના આદેશ અંતર્ગત જાહેર કરવું જરૂરી હોય.

iv. કોઇ વીમો ઉતારનાર (ભલે તે ધીરાણકર્તાનો હોય અથવા ઋણધારકનો હોય અથવા અન્યથા હોય) અથવા જામીન પૂરી પાડનાર. ઋણધારક સમજે છે અને સ્વીકારે છે કે કોઇપણ નિયમનકારી/ વૈધાનિક સત્તામંડળો/ RBI અથવા CIBIL અને કોઇ આ રીતે અધિકૃત કરવામાં આવેલી કોઇ અન્ય એજન્સી પોતે યોગ્ય ગણે તેવી પદ્ધતિથી ધીરાણકર્તા દ્વારા જાહેર કરવામાં આવેલી આવી માહિતી અને ડેટા ઉપર પ્રક્રિયા હાથ ધરી શકે છે અને અવેજ માટે બેન્કો/ નાણાકીય સંગઠનો અને અન્ય ધીરાણ આપનારાઓ અથવા નોંધાયેલા વપરાશકર્તાઓને આ સંબંધમાં કોઇ નિયમનકારી / વૈધાનિક સત્તામંડળો દ્વારા નિર્ધારિત કરવામાં આવે તે રીતે પ્રક્રિયા કરેલી માહિતી અને ડેટા અથવા તેમના દ્વારા તેની તૈયાર કરવામાં આવેલી પ્રોડક્ટ્સ પૂરી પાડી શકે છે.

**k. નોટિસ**

આ સમજૂતી હેઠળ કરવામાં આવનાર અથવા આપેલી કોઇ નોટિસ, માગણી, વિનંતી અથવા અન્ય પત્રવ્યવહાર અંગ્રેજી ભાષામાં અથવા ઋણધારક દ્વારા સમજી શકાય તેવી કોઇ સ્થાનિક ભાષામાં હશે. નીચેના સંજોગોમાં આવી નોટિસ, માગણી વિનંતી અથવા અન્ય પત્રવ્યવહાર યોગ્ય રીતે આપવામાં અને કરવામાં આવેલો ગણાશે જ્યારેઃ

i. વ્યક્તિગત રીતે આપવામાં આવે, અથવા

ii. પ્રતિકૃતિ પ્રસારણ દ્વારા મોકલવામાં આવે, અથવા

iii. સ્વીકૃતિ સહ સાથે નોંધાયેલા પત્ર (RPAD), કૂરિયર દ્વારા મોકલવામાં આવે, અથવા

iv. ઇમેલ દ્વારા મોકલવામાં આવે, અથવા

v. લાગુ પડતાં કાયદાઓ હેઠળ પરવાનગી હોય ત્યાં સુધી શોર્ટ મેસેજ સર્વિસ (SMS) દ્વારા અથવા વૉટ્સએપ અથવા કોઇ સંદેશા વ્યવહારની કોઇ અન્ય રીત જેવા કોઇ અન્ય સ્વીકાર્ય મેસેજિંગ એપ્લિકેશન દ્વારા મોકલવામાં આવે (પરંતુ જોગવાઇ કરવામાં આવે છે કે આવો સંદેશ ઉપરોક્ત જણાવેલી કોઇપણ રીત દ્વારા નકલ અનુસરશે).

દરેક પક્ષકાર સમયાંતરે અન્ય પક્ષકારોને 15 (પંદર) દિવસથી ઓછી ન હોય તેવી લેખિત પૂર્વ નોટિસ આપીને આ સમજૂતીમાં પૂરું પાડવામાં આવેલું તેમનું સરનામુ અથવા નોટિસ મેળવવા માટે રોકેલા પ્રતિનિધી અથવા અન્ય સંદેશા વ્યવહારમાં ફેરફાર કરી શકે છે.

**l. નિયમન કરતાં કાયદા અને ન્યાયક્ષેત્ર**

**i.** અદાલતો

પક્ષકારો સંમત થાય છે કે આ સમજૂતી અને/અથવા અન્ય લોન સુવિધા દસ્તાવેજોમાંથી ઊભા થયેલા કોઇપણ વિવાદ સંબંધે **મુંબઇ અથવા દિલ્હી** ખાતે આવેલી અદાલતો બિન-વિશિષ્ટ ન્યાયક્ષેત્ર ધરાવશે. જોકે, આ બાબત કોઇ અન્ય કાયદાની અદાલત અથવા લાગુ પડતાં કાયદાઓને આધીન સક્ષમ હકૂમત ધરાવતાં ન્યાયપંચમાં કાર્યવાહીઓ શરૂ કરવાના ધીરાણકર્તાના અધિકારોને મર્યાદિત કરશે નહીં.

**ii. નિયમનકારી કાયદા**

આ સમજૂતી નિયમન અને તેનું અર્થઘટન સમયાંતરે અમલમાં હોય તેવા ભારતના કાયદા અથવા સૂચિત કરાયેલા/ સુધારો કરાયેલા કોઇ અન્ય લાગુ પડતાં કાયદાઓ સાથે સુસંગત રીતે કરવામાં આવશે, જેની સત્તાની રૂએ ધીરાણકર્તા આ સમજૂતી અથવા અને લોન સુવિધા દસ્તાવેજોનો અમલ કરવાનો અધિકાર ધરાવશે.

**m. લવાદ અને અન્ય લાગુ પડતી તકરાર નિવારણ વ્યવસ્થાઃ-**

i. આ સમજૂતી અને/અથવા અન્ય સુવિધા દસ્તાવેજો અથવા અન્યથા આ સમજૂતી/ લોન સુવિધાના સંબંધમાં અર્થઘટન, અમલીકરણ, અંતના સંબંધમાં કોઇપણ વિવાદ **("વિવાદ)** સમયાંતરે સુધારવામાં આવ્યાં હોય અથવા તેનું કોઇ પુનઃઅમલ કરવામાં આવ્યો હોય તેવા લવાદ અને સમાધાન અધિનિયમ, 1996 અંતર્ગત અથવા જેની સત્તાની રૂએ આ સમજૂતી અથવા અન્ય સુવિધા દસ્તાવેજોનો અમલ કરવાનો ધીરાણકર્તા અધિકાર ધરાવતો હશે તેવા કોઇ અન્ય અધિસૂચિત/ સુધારવામાં આવ્યાં હોય તેવા કોઇ અન્ય લાગુ પડતાં કાયદાઓ અંતર્ગત પરસ્પર સંમતિ મુજબ પક્ષકારો દ્વારા લવાદ તરીકે નામાંકિત થયેલા લવાદને સંદર્ભ કરવામાં આવશે.

ii. લવાદ કાર્યવાહી મુંબઇ અથવા દિલ્હી અથવા ધીરાણકર્તા પસંદ કરે તેવા કોઇ અન્ય સ્થાને અંગ્રેજી ભાષામાં હાથ ધરવામાં આવશે.

iii. લવાદ ફેંસલો પક્ષકારો માટે અંતિમ અને બંધનકર્તા અને તેની જોગવાઇઓના સંદર્ભમાં અમલપાત્ર રહેશે. લવાદો તેમણે આપેલા તારણોના કારણે લેખિતમાં જણાવશે. પક્ષકારો તેને બંધનકારક ગણવા અને તદનુસાર કાર્ય કરવા માટે સંમત થાય છે.

**n. જાહેરાત અને સ્વીકૃતિઃ-**

i. ઋણધારક સંમત થાય છે અને ખાતરી આપે છે કે તેણે આ સમજૂતી અને આ લોન સુવિધા સમજૂતીની સંબંધિત જોગવાઇઓ વાંચી અને સમજી લીધી છે અને જે કિસ્સામાં ઋણધારક નિરક્ષર હોય અને/અથવા અંગ્રેજી વાંચી શકતો ન હોય તો તેને ઋણધારક જાણતો હોય અને સમજતો હોય તેવી ભાષામાં આ સમજૂતીના નિયમો અને શરતો વિગતવાર સમજાવવામાં આવ્યાં છે.

ii. ઋણધારક જાહેર કરે છે અને પુષ્ટિ આપે છે કે કોઇપણ દસ્તાવેજો અથવા સમજૂતીના મધ્ય પૃષ્ઠો ઉપર અને કોઇપણ લોન સુવિધા દસ્તાવેજો ઉપર ઋણધારક દ્વારા કરવામાં આવેલી તમામ ટૂંકા હસ્તાક્ષરોને સંપૂર્ણ હસ્તાક્ષર તરીકે ગણવામાં આવશે અને જાણે કે ઋણધારકે સંપૂર્ણ હસ્તાક્ષરો કર્યા હોય તે રીતે સંપૂર્ણ અમલી અને ઋણધારકને બંધનકારક ગણાવશે અને સંપૂર્ણ કાનૂની બંધન ધરાવશે.

**o.** પ્રતિકૃતિઓ

આ સમજૂતી પ્રતોની ગમે તેટલી સંખ્યામાં હાથ ધરી શકાય છે અને આવી તમામ પ્રતો સાથે મળીને એક અને સમાન લેખ રચતો હોવાનું ગણવામાં આવશે. સાક્ષીની હાજરીમાં, જ્યાં અહીં આપેલા પક્ષકારોએ અત્રે કરારબદ્ધ પત્રક અંતર્ગત ઉલ્લેખ કરવામાં આવેલા દિવસ, માસ અને વર્ષે હસ્તાક્ષર કર્યા છે.

**p.** માર્કેટિંગઃ કંપની તેના તમામ ઉત્પાદનોનું અરજદારો/સહ-

અરજદારો સમક્ષ માર્કેટિંગ કરશે, જેનાથી ગોલ્ડ લોન અરજદારોને હોમ લોન/હોમ ઇક્વિટી લોનની ઓફર કરવામાં આવે અથવા તેનાથી વિપરીત ક્રમ થઈ શકે છે.

માર્કેટિંગના પ્રયાસો વોટ્સએપ વગેરે દ્વારા હાથ ધરવામાં આવશે.

# પત્રક

| | | | |
|---|---|---|---|
| સ્થળ | | અરજી નં. | |
| તારીખ | DD - MM - YYYY | લોન સુવિધાનો પ્રકાર | HL ☐ HE ☐ |
| ઋણધારક/કોનું નામ | | | |
| ઋણધારક/કોનું સરનામુ | | | |
| સહ-ધીરાણકર્તાનું નામ અને વિગતો (જો હોય તો) | | | |
| લોનની રકમ | રૂ................................../- (માત્ર ..........................................................................................................રૂપિયા) | | |
| વ્યાજ | (a) વ્યાજનો ફિક્સ દર ................................. % પ્ર.વ. (CGHFL RR=.................%પ્ર.વ.) | | |
| | (b) વ્યાજનો ફ્લોટિંગ દર ...................…. % પ્ર.વ. (CGHFL-RR +/-................................% પ્ર.વ.)<br>(CGHFLRR=......................%પ્ર.વ.) | | |
| | (c) વ્યાજનો સેમી ફિક્સ દરઃ-<br>વ્યાજનો ફિક્સ દર.....................….% પ્ર.વ. (CGHFL-RR +/- ………………….. % પ્ર.વ.) (CGHFL RR=................%પ્ર.વ.)<br>પ્રારંભિક મહિનાઓ માટે ફિક્સ દર હેઠળ પુનઃચુકવણી સમયગાળો<br>વ્યાજનો ફ્લોટિંગ દર ......................…. % પ્ર.વ.( CGHFL-RR +/- ………………….. % પ્ર.વ.) (CGHFL RR=......................%પ્ર.વ.)<br>ફ્લોટિંગ દર વ્યાજના મહિનાઓના હેઠળ પુનઃચુકવણીનો સમયગાળો | | |
| | અહીં ઉપર કરવામાં આવેલી જોગવાઇ અનુસાર જો આ લોન આ પ્રકારની સહ-ધીરાણ સમજૂતીના અનુસંધાનમાં સોંપણીના ખત હેઠળ સોંપવામાં આવી હોય તો તે પ્રસંગે લોન સમજૂતી અંતર્ગત આ લોનને લાગુ પડી શકતા હોય તેવા સેમી-ફિક્સ વ્યાજના દરો લાગુ પડશે નહીં અને તે વ્યાજના ફ્લોટિંગ દરમાં તબદિલ થઇ જશે, જેમાં સહ-ધીરાણ વ્યવસ્થાને અનુરૂપ વ્યાજના દરો કરવા માટે સહ-ધીરાણકર્તાના વ્યાજના ફ્લોટિંગ દરોનો પણ સમાવેશ કરશે. | | |
| દંડનીય ચાર્જિસ | **MITCમાં ઉલ્લેખ કર્યા મુજબ. કૃપા કરીને તેને ધ્યાન પર લો.** | | |
| ઋણમુક્તિ<br>(આ સમજૂતીની શરતોને આધીન જુદી-જુદી છે) | (a) પુનઃચુકવણીનો સમયગાળો.........................................................................................મહિનાઓ<br>(b) EMI* Rs .........................................................................................................<br>(c) EMIની સંખ્યા ........................................................................................... | | |
| | *ઉપરોક્ત ઉલ્લેખિત ઇએમઆઇ આ લોન કરારની જોગવાઇ 2.2 e મુજબ ફેરફારને આધીન છે. | | |

– સેમી-ફિક્સ સમયગાળાની ફિક્સ રેટની લોન માટે વિતરણની અંતિમ તારીખથી પ્રથમ 12 મહિના માટે પ્રી-પેમેન્ટની પરવાનગી નથી.

– તમામ લોન ઉપર પ્રી-પેમેન્ટ ચાર્જિસ માટે, કૃપા કરીને આ સમજૂતી અને CGHFLની સત્તાવાર વેબસાઇટના સંબંધિત ખંડમાં કરેલી જોગવાઇઓ ધ્યાન ઉપર લો. આ લોન અમલ થવાની તારીખથી, “વ્યક્તિગત લોન” ઉપર પ્રી-પેમેન્ટ ચાર્જિસ લાગુ પડતાં નથી, સિવાય કે આવી લોન પ્રી-પેમેન્ટના સમયે વ્યાજના ફ્લોટિંગ દર હેઠળ ચાલી રહી અથવા પ્રી-પેમેન્ટ પોતાના સ્રોતમાંથી કરવામાં આવ્યું હોય. પૂર્વચુકવણી શુલ્ક માટે કૃપા કરીને અમારી વેબસાઇટ પર ઉપલબ્ધ MITC દસ્તાવેજનો સંદર્ભ લો.

– અંતિમ 12 મહિનાઓમાં કોઇ અન્ય પ્રી-પેમેન્ટ સહિત, પ્રી-પેમેન્ટની તારીખના રોજ બાકી રહેતી મૂડી લોનના 25% સુધી કોઇ પ્રી-પેમેન્ટ ઉપર શૂન્ય પ્રી-પેમેન્ટ ચાર્જિસ લાગુ પડશે. જોકે, કૃપા કરીને નોંધ લેશો કે આ ચાર્જિસ ફેરફારને આધીન છે અને CGHFL દ્વારા તેમાં સમયાંતરે સુધારો કરવામાં આવી શકે છે, કૃપા કરીને નવીનતમ ચાર્જિસ અને પ્રી-પેમેન્ટ ચાર્જિસ સંબંધિત નીતિ માટે CGHFLની સત્તાવાર વેબસાઇટ ધ્યાનમાં લો. નીતિ સંબંધિત નવીનતમ જાણકારી માટે CGHFLની સત્તાવાર વેબસાઇટઃ www. caprihomeloans.com ધ્યાન ઉપર લો.

– SMA તેમજ NPA તરીકે ઋણધારકના એકાઉન્ટનું વર્ગીકરણ સંબંધિત તારીખ માટે દિવસાંત પ્રક્રિયાના ભાગરૂપે કરવામાં આવશે અને SMA અને NPA વર્ગીકરણ તારીખ જે દિવસે દિવસાંત પ્રક્રિયા ચાલે તેની કેલેન્ડર તારીખ રહેશે. બીજા શબ્દોમાં, SMA//NPA કેલેન્ડર તારીખના દિવસાંત ખાતાની અસ્કયામત વર્ગીકરણ સ્થિતિનું પ્રતિબિંબ રજૂ કરશે. EMIની ચુકવણીની અંતિમ તારીખ અંગ્રેજી કેલેન્ડર માસનો અંતિમ દિવસ રહેશે.

– ઉદાહરણઃ **જો લોન એકાઉન્ટની ચુકવણીની અંતિમ તારીખ 31 માર્ચ, 2021 હોય અને ધીરાણ સંસ્થા આ તારીખ માટે દિવસાંત પ્રક્રિયા શરૂ કરે તે પહેલા સંપૂર્ણ બાકી ચુકવણી પ્રાપ્ત ન થાય તો બાકી ચુકવણીની તારીખ 31 માર્ચ, 2021 રહેશે. જો તેની ચુકવણી બાકી રહે તો 30 એપ્રિલ, 2021ના રોજ એટલે કે બાકી ચુકવણીનો સતત સમયગાળો 30 દિવસ પૂર્ણ કરે ત્યારે દિવસાંત પ્રક્રિયા શરૂ થવા પર આ એકાઉન્ટને SMA-1 તરીકે ચિન્હિત કરવામાં આવશે. તદનુસાર, તે એકાઉન્ટ માટે SMA-1 વર્ગીકરણની તારીખ 30 એપ્રિલ, 2021 રહેશે. આ જ રીતે, જો એકાઉન્ટની ચુકવણી બાકી રહેવાનું ચાલુ રહે તો 30 મે, 2021ના રોજ દિવસાંત પ્રક્રિયા શરૂ થાય ત્યારે તેને SMA–2 તરીકે ચિન્હિત કરવામાં આવશે અને જો તેની ચુકવણી વધુ સમયગાળા માટે બાકી રહેવાનું ચાલુ રહે તો 29 જૂન, 2021ના રોજ દિવસાંત પ્રક્રિયા શરૂ થવા પર તેને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.**

જામીન ઉપર સર્જવામાં આવેલા કોઇ અગાઉના બોજાની વિગતો સહિત જામીનનું વર્ણન

સાક્ષીની હાજરીમાં જ્યાં અત્રેના પક્ષકારોએ ઉપરોક્ત લખેલા દિવસ, માસ અને વર્ષના રોજ હસ્તાક્ષર કરેલા છે.
કેપ્રી ગ્લોબલ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ
નીચે દર્શાવેલા નામના વ્યક્તિએ હસ્તાક્ષર કર્યા અને સુપરત કર્યું
શ્રીમતિ/કુ/શ્રી.....................................................ના અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા.
નીચે દર્શાવેલા નામના વ્યક્તિએ હસ્તાક્ષર કર્યા અને સુપરત કર્યું

ઋણધારક..........................................................................................................................................................................

નીચે દર્શાવેલા ડિરેક્ટરોએ સંબંધિત કંપની દ્વારા પસાર કરાયેલા બોર્ડ રિઝોલ્યુશન (B.R.)ના અનુસંધાનમાં ઋણધારક કંપની વતી હસ્તાક્ષર કરેલા છે.

| કંપનીનું નામ અને B.R. તારીખ | ડિરેક્ટરના નામ અને હસ્તાક્ષર | ડિરેક્ટરના નામ અને હસ્તાક્ષર |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

કોઇ ઋણધારક કંપની હોય ત્યારે જરૂરી હસ્તાક્ષર

સહી(X)

## એકરાર

શ્રીમાન,

હું/અમે

શ્રીમતિ/કુ./શ્રી..............................................................................................

.("ઋણધારક/ગીરોકર્તા)

આથી સોગંદપૂર્વક જણાવીએ છીએ અને જાહેર કરીએ છીએ કે કેપ્રી ગ્લોબલ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (**"ધીરાણકર્તા)**એ તારીખ.................. .............................................ના મંજૂરી પત્ર અને તારીખ...............................................................ના લોન સુવિધા સમજૂતી **(લોન સુવિધા સમજૂતી)**માં જણાવવામાં આવેલા ચોક્કસ નિયમો અને શરતો તથા તેમાં જણાવેલા હેતુ માટે ધીરાણ આપ્યું છે/લોન ધીરાણ કરવા સંમત થયા છે જે અંગે અમે અવગત છીએ.

ધીરાણકર્તાએ ઋણધારકને ધીરાણ આપ્યું હોવાથી/ ધીરાણ લોન આપવા માટે સંમત થયા હોવાના અવેજમાં, ઋણધારક/ગીરોકર્તાઓ ઋણધારક અને/અથવા ગીરોકર્તાઓ દ્વારા ચુકવવાપાત્ર કથિત લોન, વ્યાજ, ફી, કિંમત, ચાર્જિસ અને ખર્ચાઓ અને અન્ય તમામ ચુકવવાપાત્ર રકમો અંતર્ગત તમામ બાકી નિકળતી રકમ સહિત ધીરાણકર્તા પાસેથી મેળવવામાં આવેલી લોનની યોગ્ય રીતે પુનઃચુકવણી સુરક્ષિત કરવા માટે અત્રે કરારબદ્ધ કરવામાં આવેલા પત્રક A **("કથિત મિલકત)**માં વધુ ચોક્કસ રીતે વર્ણવવામાં આવેલી સ્થાવર મિલકત ઉપર ગીરોનું સર્જન કરીને ધીરાણકર્તાની તરફેણમાં જામીનનું સર્જન કરવા માટે ધીરાણકર્તા સમક્ષ મૂળ માલિકી દસ્તાવેજો જમા કરાવીને સંમત થાય છે, જેને વધુ ચોક્કસ રીતે અત્રે આપેલા પત્રક Bમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યાં છે.

હું/અમે આથી જણાવીએ છીએ કે હું/અમે કથિત મિલકતનો સંપૂર્ણપણે હવાલો અને કબજો ધરાવીએ છીએ અથવા અન્યથા તેના માટે સારી રીતે અધિકૃત છીએ.

a. હું/અમે આથી જણાવીએ છીએ કે હું/અમે કથિત મિલકતનો સંપૂર્ણપણે હવાલો અને કબજો ધરાવીએ છીએ અથવા અન્યથા તેના માટે સારી રીતે અધિકૃત છીએ.

